**આજનો સુવિચાર**

ઘડિયાળના કાંટાની જેમ ભાગતું જીવન જીવશો, તો સાચી ખુશીનો અનુભવ ક્યારેય નહીં થાય!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૫ જૂનાગઢ તા.૨૩-૦૮-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 215, Junagadh : Date : 23 August, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# નેપાળમાં ઉત્તરપ્રદેશની બસ નદીમાં ખાબકી : ૧૪ મુસાફરોના મોત



## યુપીના ગોરખપુરની બસમાં ૪૦ મુસાફરો સવાર હતાં : બસ પોખરાથી કાઠમંડુ તરફ જઈ રહી હતી

ગોરખપુર તા.૨૩

નેપાળમાં ઉત્તર પ્રદેશની એક બસ નદીમાં ખાબકી છે. ગોરખપુરની આ બસમાં ૪૦ મુસાફરો હતા. જેમાંથી ૧૪નાં મોત થયાં છે. બસ પોખરાથી કાઠમાંડુ જઈ રહી હતી. આ દરમિયાન તે કાબુ બહાર જઈ નદીમાં પડી ગઈ હતી.

તનાહુન જિલ્લામાં આજે સવારે ૧૧.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. જિલ્લા એસપી બિરેન્દ્ર શાહીએ કહ્યું- બસ મર્સ્યાંગડી પાસે નદીમાં પડી છે. સ્થાનિક પોલીસ અને બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. સેના અને સશસ્ત્ર દળોને પણ એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

નેપાળના અધિકારીઓના જણાવ્યા અનુસાર, બસ ગોરખપુરના ધર્મશાલા બજારના સૌરભ કેસરવાણીની પત્ની શાલિની કેસરવાનીના નામે રજીસ્ટર્ડ છે. જિલ્લા પોલીસ કચેરી તનાહુનના ડીએસપી દીપકુમાર રાયાએ જણાવ્યું- નંબર પ્લેટ UP-53 FT 7623વાળી બસ નદીમાં પડી છે. બસ પોખરાથી કાઠમંડુ જઈ રહી હતી.

તનાહુન જિલ્લાના એસપી બિરેન્દ્ર શાહીએ કહ્યું- બસ મર્સ્યાંગડી અંબુખૈરેની પાસે નદીમાં પડી છે. સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. સેના અને સશસ્ત્ર દળોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. બસનો નંબર યુપીનો છે. મુસાફરોની માહિતી મેળવવામાં આવી રહી છે.

યુપી સરકારના ડિઝાસ્ટર રિલીફ કમિશનરે કહ્યું- અમે નેપાળનો સંપર્ક કરી રહ્યા છીએ. અકસ્માતની સંપૂર્ણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. મુસાફરો ક્યાંથી હતા, ક્યાં જતા હતા. બચાવ કામગીરીની સ્થિતિ વગેરે વિશે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

# આજે લોકસભાની ચૂંટણી યોજાય તો એનડીએને ૨૯૯, ઈન્ડિયા બ્લોકને ૨૩૩ બેઠકો મળે

નવી દિલ્હી, તા.૨૩ઃ

લોકસભા ચૂંટણી બાદ આ વર્ષે ઘણા રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે. દરમિયાન, આજ તકે સી-વોટર સાથે મળીને દેશના લોકોનો મૂડ જાણવા માટે 'મૂડ ઓફ ધ નેશન' સર્વે હાથ ધર્યો હતો. આ દરમિયાન પૂછવામાં આવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પ્રદર્શન કેવું છે તેના પર ૩૪ ટકા લોકો માને છે કે તે સારું છે, ૧૫ ટકા લોકો કહી રહ્યા છે કે પીએમ મોદીનું પ્રદર્શન સરેરાશ છે, જ્યારે ૧૦ ટકા લોકો કહી રહ્યા છે કે પીએમ મોદીનું પ્રદર્શન ખૂબ જ ખરાબ છે.

આ સર્વે ૧૫ જુલાઈથી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ની વચ્ચે કરવામાં આવ્યો હતો અને દેશભરના ૫૪૩ લોકસભા મતવિસ્તારોમાંથી ૧ લાખ ૩૬ હજાર ૪૬૩ લોકોએ તેમાં ભાગ લીધો હતો. જેના દ્વારા દેશમાં આજે લોકસભાની ચૂંટણી થાય તો કોની સરકાર બનશે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સાથે જમ્મુ અને કાશ્મીર, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડ જેવા ચૂંટણીલક્ષી રાજ્યોના મુખ્ય મુદ્દાઓ અને વર્તમાન સરકારની કામગીરી પર આ સર્વે ૧૫ જુલાઈથી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ વચ્ચે કરવામાં આવ્યો હતો અને તેમાં ૫૪૩માંથી ૧ લાખ ૩૬ હજાર ૪૬૩ ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં દેશભરના લોકસભા મતવિસ્તારોએ ભાગ લીધો હતો. જેના દ્વારા દેશમાં આજે લોકસભાની ચૂંટણી થાય તો કોની સરકાર બનશે તે જાણવાનો -યાસ કરવામાં આવ્યો હતો. આ સાથે જમ્મુ-કાશ્મીર, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડ જેવા ચૂંટણી રાજ્યોના મુખ્ય મુદ્દાઓ અને વર્તમાન સરકારની કામગીરી અંગે લોકોના અભિગમ જાણવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

જો આજે લોકસભાની ચૂંટણી યોજાય તો દરેક ગઠબંધનને કેટલી સીટો મળશે તેના જવાબમાં લોકોનું માનવું છે કે એનડીએને ૨૯૯ બેઠકો મળી શકે છે, ઈનડિયા બ્લોકને ૨૩૩ બેઠકો મળી શકે છે, જ્યારે અન્યને ૧૧ બેઠકો મળી શકે છે.

## મોદી પછી કોણ ? અમિતશાહ લોકોની પહેલી પસંદ

નવી દિલ્હી,તા.૨૩

દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સ્થાન અકબંધ રહ્યું છે પરંતુ તેમના ઉતરાધિકારી કોણ? તે વિશેના સર્વેમાં અમિત શાહ ટોચ પર રહ્યા છે. બીજા ક્રમે યોગી આદીત્યનાથ અને ત્યારબાદ નીતીન ગડકરી, રાજનાથસિંહ તથા શિવરાજસિંહ ચૌહાણના નામ છે.

ભાજપના સમર્થકોમાં લાંબા વખતથી વડાપ્રધાન મોદીના ઉતરાધિકારી વિશે સવાલ ઉઠતો જ રહ્યો છે.ત્યારે લોકસભા ચૂંટણીનાં બે માસ બાદ દેશની તમામ ૫૪૩ બેઠકોનાં વિસ્તારોને આવરી લઈને હાથ ધરાયેલા સર્વેમાં ૨૫ ટકા લોકોએ અમિત શાહને પસંદ કર્યા છે મોદીના વિકલ્પમાં તેઓ અમિત શાહને પસંદ કરે છે.

## વડાપ્રધાન મોદી યુક્રેન પહોંચ્યા : કિવમાં ભવ્ય સ્વાગત

કિવ તા.૨૩

રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆતના અઢી વર્ષ બાદ વડાપ્રધાન મોદી યુક્રેનની રાજધાની કિવ પહોંચ્યા છે. વડાપ્રધાન ગત રાત્રે પોલેન્ડથી રવાના થયા હતા. તેઓ ૧૦ કલાકની ટ્રેનની મુસાફરી બાદ યુક્રેન પહોંચ્યા છે. વડાપ્રધાન મોદી યુક્રેનની રાજધાની કિવમાં ૭ કલાક વિતાવશે. પીએમ મોદી યુક્રેનની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. ૧૯૯૧માં સોવિયેત યુનિયનના તૂટવાના કારણે યુક્રેનની રચના થઈ ત્યારથી કોઈ ભારતીય વડાપ્રધાને તેની મુલાકાત લીધી નથી.

પીએમ મોદીની આ મુલાકાત એટલા માટે પણ ખાસ છે કારણ કે ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો ત્યારથી નાટો દેશ સિવાય અન્ય કોઈ દેશના નેતાએ યુક્રેનની મુલાકાત લીધી નથી. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ થોડા મહિના પહેલા વડાપ્રધાન મોદીને યુક્રેન આવવાનું આમંત્રણ આપ્યું હતું. અગાઉ મોદી અને ઝેલેન્સકી મે ૨૦૨૩માં જાપાનમાં જી-૭ સમિટ દરમિયાન યુદ્ધ પછી પહેલી વાર મળ્યા હતા.

ગત મહિને વડાપ્રધાન મોદીએ રશિયાની મુલાકાત લીધી હતી. જેને પગલે યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ નારાજગી વ્યક્ત કરી હતી. પરંતુ ભારત પોતાની વિચારધારા અને સ્વતંત્ર વિદેશનીતિથી ચાલે છે. તે દર્શાવવા માટે વડાપ્રધાન મોદી રશિયા બાદ આજે યુક્રેનની મુલાકાતે પહોંચ્યા છે.

## ગુજરાતમાં તા.૨૫ થી ૨૮ ઓગષ્ટ સુધી વરસાદનો નવો રાઉન્ડ : મેઘરાજા જન્માષ્ટમી મનાવશે

રાજકોટ,તા.૨૩

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કેટલાંક દિવસોથી વરસાદના વિરામ બાદ હવે ફરી મેઘરાજા કૃપા વરસાવવા આવી રહ્યા હોય તેમ આગામી ૨૫ થી ૨૯ ઓગસ્ટ સુધી સાર્વત્રીક વરસાદનો નવો રાઉન્ડ આવવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. દક્ષિણ બાંગ્લાદેશ તથા લાગુ પશ્ચિમ બંગાળ પર ૪.૫ કીમીનાં લેવલે અપરએર સાયકલોનીક સરકયુલેશન (યુએસી) હતું અને તે વધની ઉંચાઈએ દક્ષિણ પશ્ચિમ તરફ ઝુકે છે તેના પ્રભાવથી ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી પર લો-પ્રેસર સર્જાયુ હતું જે વધુ મજબુત બનીને વોલમાર્ક લો-પેસર થવાની સંભાવના છે અને પશ્ચિમ ઉત્તર પશ્ચિમ તરફ ગતિ કરશે.

આ સિવાય રાજસ્થાન તથા આસપાસનાં ક્ષેત્રોમાં ૪.૫ કીમીનાં લેવલ પર એક અપરએર સાયકલોનીક સરકયુલેશન સર્જાયુ છે. બીજુ એક યુએસી ઉત્તર ગુજરાત તથા તેને લાગુ રાજસ્થાન, પર છે જે ૩.૧ કીમીથી ૫.૮ કીમીના લેવલ સુધી છે.

અનેકવિધ સાનુકુળ પરિબળોનાં પ્રભાવ હેઠળ સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છના વિસ્તૃત વિસ્તારમાં વરસાદના નવા સારા રાઉન્ડની શકયતા છે.

## ઉત્તરાખંડમાં ભારે વરસાદ, ભૂસ્ખલનથી ૨૨ લોકોના મોત : રૂદ્ર પ્રયાગમાં ૪ લોકો દટાઈ ગયા

નવીદિલ્હી,તા.૨૩

ઉત્તરભારતમાં ભારે વરસાદે કહેર મચાવ્યો છે .ઉત્તરાખંડમાં ભારે વરસાદથી ભૂસ્ખલન થતા દટાઈ જતા ૪ વ્યક્તિના મોત થયા છે તો ઉત્તર-પૂર્વીય રાજય ત્રિપુરામાં છેલ્લા પાંચ દી'થી ભારે વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનની ઘટનામાં ૨૨ લોકોના મોત થયા હતા.ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ થઈ ગયો છે. રૂદ્રપ્રયાગમાં ભૂસ્ખલન ૪ લોકોના દટાઈ જતા મોત થયા હતાં. ઉત્તરાખંડમાં અહીં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે પણ બંધ થઈ ગયો છે. ચમોલી પોલીસે જણાવ્યું કે કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે. ઉત્તરપૂર્વીય રાજ્ય ત્રિપુરામાં છેલ્લા ૫ દિવસમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના કારણે ૧૭ લાખ લોકો પ્રભાવિત થયા છે. ૨૨ લોકોના મોત થયા છે. ૪૫૦ રાહત શિબિરોમાં ૬૫ હજાર લોકોને આશ્રય આપવામાં આવ્યો છે.

## બોત્સ્વાનામાં વિશ્વનો બીજો સૌથી મોટો હિરો મળી આવ્યો : વજન ૨૪૯૨ કેરેટ

બોત્સવાના.તા.૨૩

દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સ્વાનામાં વિશ્વનો બીજો સૌથી મોટો હીરો મળી આવ્યો છે. આ અનકટ હીરો ૨૪૯૨ કેરેટનો છે. કેનેડિયન કંપની લુકારા મંડની બોત્સ્વાનાની ખાણમાંથી તેને કાઢવામાં આવ્યો છે. અગાઉ ૧૯૦૫ માં દક્ષિણ આફ્રિકામાં ૩૧૦૬ કેરેટનો કુલીનન ડાયમંડ મળ્યો હતો. આ હીરાને અલગ અલગ ૯ ટુકડાઓમાં કાપવામાં આવ્યો હતો. તેમાથી ઘણાં બ્રિટનના શાહી તાજમાં મઢવામાં આવ્યાં હતા બોત્સ્વાનાની કેરો ખાણમાંથી વિશ્વનો બીજો સૌથી મોટો હીરો મળી આવ્યો છે. તે બોત્સ્વાનાની રાજધાની ગેબોરોનથી ૫૦૦ કિલોમીટર ઉત્તરમાં આવેલી છે. બોત્સ્વાના સરકારે કહ્યું છે કે, દક્ષિણ આફ્રિકાના કોઈપણ દેશમાં મળેલો આ સૌથી મોટો હીરો છે. અગાઉ ૨૦૧૯ માં બોત્સ્વાનામાં જ ૧૭૫૮ કેરેટનો હીરો મળ્યો હતો.


લસણ રીટેઈલમાં મળશે
પ્યોર દેશી આખું લસણ
૧ કિલોના ફકત રૂા.૨૪૦
૪ થી ૫ મહિના સુધી બગડશે નહીં
મો.૯૩૭૬૬૦૫૫૬૨
જૂનાગઢ

સારા લોકેશનમાં બંગલો વેંચવાનો છે ખુબ જ વ્યાજબી કિંમતમાં
5 BHK બંગલો વેચવાનો છે. શ્રી રાધાકૃષ્ણનગર, ૩૦ ફુટ મેઈન રોડ, પર આવેલ આશરે ૨૦૦ ચોરસ વાર પ્લોટ ઉપર ત્રણ સાઈડ ઓપન, ફુલ ફર્નિચરવાળો ટાઈટલ ક્લીયર જરૂરીયાતની બધી સગવડતા ધરાવતો અને સરળતાથી રૂપિયા એક કરોડ સુધીની બેન્ક લોન મળી શકે તેવા ટાઈટલ ક્લીયર ડોકયુમેન્ટ, વેલ્યુએશન સાથેનો જાત દેખરેખ નીચે બનાવેલ મોકાનો બંગલો, યોગ્ય કિંમતે વેચવાનો છે.
ભવાનભાઈ આહિર - ૯૬૬૨૫ ૩૫૧૪૬

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
રાજુભાઈ મો. ૯૮૭૯૫ ૭૪૬૬૬
વિવેક મો. ૯૮૨૪૬ ૭૪૬૬૬
ક્રિષ્ના
સિમેન્ટ પ્રોડક્ટ & સેનેટરી વેર્સ





ધોરાજી રોડ, જકાત નાકા પાસે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૬૧૯૯૯


જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
અશોકભાઈ મશરૂ ફોન : ૦૨૮૫ - ૨૬૫૦૪૨૯
દિલિપભાઈ મશરૂ મો. ૯૪૦૯૧ ૨૪૯૯૯
ભાવેશભાઈ મશરૂ મો. ૯૦૩૩૨ ૭૦૧૯૫





કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ
આર. હેમતલાલ એન્ડ કાું.
પોસ્ટ ઓફીસ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
શુભમ્ હોસ્પિટલ
અનુભવ
2004-2009 – સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ.
2009-2022 – ચીફ પીડીયાટ્રીશીયન લાઇફકેર હોસ્પિટલ, જૂનાગઢ.
2022-Cont. – ચીફ પીડીયાટ્રીશીયન, શુભમ હોસ્પિટલ, જૂનાગઢ.
2020-Cont. – આસી. પ્રોફેસર, GMERS મેડીકલ કોલેજ, જૂનાગઢ.
NALS, PALS
વિશ્વની વિવિધ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો અનુભવ.
ડો. કલ્પેશ કે. બાખલકીયા
(એમ.ડી. પીડીયાટ્રીક્સ)
નવજાત શીશુ તેમજ બાળરોગ નિષ્ણાંત
Scan for Address
- ૧૮ વર્ષના અનુભવી એવા ડૉ. કલ્પેશ બાખલકીયાની દેખરેખ હેઠળ અત્યાધુનીક બાળકો તેમજ નવજાતશીશુ વિભાગ
- ૧૦ બેડની સુવિધાવાળુ, અત્યાધુનીક Level-3 NICU
- વેન્ટીલેટર (Simmense), મલ્ટીપેરા મોનીટર, LED ફોટોથેરાપી યુનીટ, CPAP, સેન્ટ્રલ મોનીટરીંગ સીસ્ટમ.
- ૨ અલગ NICU જેમાં Infection અને Non Infection દર્દીની અલગથી સુવિધા.
- અધુરા મહીને જન્મેલા (Premature) શ્વાસની તકલીફ વાળા (RDS), બર્થ એસ્ફેકસીયા, કમળો, ઇન્ફેકશન, જેવી બીમારીની અત્યાધુનીક સારવાર.
- ટેલીમેડીસીન દ્વારા વિશ્વની અત્યાધુનીક હોસ્પિટલો સાથે કોમ્યુનીકેશન તેમજ સારવારમાં સહયોગ.
- ૩૦ બેડની સુવિધા વાળો બાળરોગ વિભાગ
- જેમાં જનરલ રૂમ, સેમીસ્પેશીયલ તેમજ સ્પેશીયલ રૂમની સુવિધા.
- અત્યાધુનીક ડીલક્સ રૂમ કે જેમાં AC, TV (ઇન્ટરનેટ સુવિધા સાથે), ફ્રીઝ, ગીઝર, પર્સનલ કબાટ, જેવી લકઝરી સુવિધા.
- ૨૪ કલાક ઓન ડયુટી ડોકટરની હાજરી
- ક્વોલીફાઇડ સ્ટાફ કે જેમની દર્દી પર સતત ૨૪ કલાક દેખરેખ.
- વિશાળ પાર્કીંગ, ૨૪ કલાક સીક્યોરીટી, ફાયર સેફ્ટી, સેન્ટ્રલ આર.ઓ. સિસ્ટમ, જનરેટરની સુવિધા.
- વિશાળ AC વેઇટીંગ એરીયા.
- ૨૪ કલાક લેબોરેટરી તેમજ મેડીકલ સ્ટોરની સુવિધા.
મુખ્યમંત્રી અમૃતમ (મા) આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી યોજનામાં (PM-JAY) કાર્ડ હેઠળ બાળકની સારવાર મફત
૦ થી ૨૮ દિવસ
અધુરા મહિને જન્મેલા, ઓછા વજનવાળા, ચેપ લાગેલા, વેન્ટીલેટરની જરૂર હોય તથા તમામ પ્રકારના નવજાત શિશુ રોગોનું નિદાન તથા સારવાર કાર્ડ હેઠળ મફતમાં કરવામાં આવશે.
જરૂરી ડોક્યુમેન્ટ : માતા તથા પિતાનું કાર્ડ આયુષ્યમાન ભારત કાર્ડ (PM-JAY)
શુભમ હોસ્પિટલ કોમ્પલેક્ષ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી નજીક, જૂનાગઢ.
મો. ૮૧૫૬૦ ૭૦૦૦૦, ઇમરજન્સી મો. ૯૭૧૨૧ ૯૪૫૯૯

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




# મોજીલા રાજકોટના ધાર્મિક-સામાજિક સાંસ્કૃતિક ‘‘ધરોહર લોકમેળા’’નું ભક્તિમય વાતાવરણમાં સાત ગ્રુપના કલાની અવનવી કામણ પાથરતુ સજીલું ઉદ્‌ઘાટન

**ઉદ્‌ઘાટન સમારોહમાંરાસ-ગરબાની રમઝટમાં તાળી રાસ, હુડો રાસ, ઢાલ-તલવાર રાસ, ધમાલ નૃત્ય અને ડાયરાની જમાવટ થશે : જાણો તાળી રાસ, હુડો રાસ, ઢાલ-તલવાર રાસ, ધમાલ નૃત્ય વિશે અવનવી વાતો**






(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૩

મેળો એટલે ઉત્સવ. લોકમેળા વ્યસ્ત જીવનને આનંદ-ઉમંગથી સભર બનાવે છે. ઉત્સવપ્રિય સૌરાષ્ટ્રવાસીઓ ધાર્મિક-સામાજિક તહેવારોને નિમિત્ત બનાવીને મેળાઓને માણે છે. રંગીલા રાજકોટ શહેરમાં દર વર્ષે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યને વધાવવા લોકમેળો યોજાય છે. આ વર્ષે તા. ૨૪ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજાનારા ‘‘ધરોહર લોકમેળા’’માં જન્માષ્ટમીના પાવન પર્વની ઉજવણી માટે માનવ મહેરામણ ઉમટી પડશે. ત્યારે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશભાઈ દીહોરાના માર્ગદર્શનમાં લોકમેળાના ઉદ્‌ઘાટન સમારોહમાં સાત ગ્રુપ કલાના કામણ પાથરીને રાસ-ગરબા અને ડાયરાની રમઝટ જમાવી જનતાને મંત્રમુગ્ધ કરવા આતુર છે. રાજકોટનું શ્રી વૃંદ છેલ્લા ઘણા વર્ષોથી લોકમેળાના ઉદ્‌ઘાટન સમારંભમાં અર્વાચીન ગરબા રજૂ કરે છે. તેના કોરિયોગ્રાફર વિરંચીભાઈ બુચ કહે છે કે આ, વર્ષે પણ શ્રી વૃંદ ‘ના.. ના.. નહીં આવું.. મેળે નહિ આવુ... મેળાનો મને થાક લાગે..’ ગીત પર અર્વાચીન ગરબો રજૂ કરશે. આ ગરબો ભાતીગળ રીતે કોરિયોગ્રાફ કરવામાં આવ્યો છે. ગામડામાં રહેતી બેન-દીકરીઓ ઘરકામ કરતી હોય, તે વખતે કોઈ સખી મેળામાં જવા માટે બોલાવે ત્યારે સખીઓ સાથેની મીઠી રકઝક - આ ગીતનો ભાવાર્થ છે. આ ગરબો ફેબ્રુઆરી, ૨૦૨૪માં હિમાચલ અને પંજાબ ખાતે ગુજરાત રાજ્ય સરકારના ઉપક્રમે યોજાયેલા કલ્ચરલ એક્સચેન્જ પ્રોગ્રામમાં પણ પ્રસ્તુત થયો હતો. ગામઠી પહેરવેશમાં સજ્જ ૧૨ બહેનો દ્વારા રજૂ થતો આ તાળીરાસ નીહાળવો, એ એક લ્હાવો છે. રાજકોટના મેગીસ ક્રિએશન ગ્રુપના કોરિયોગ્રાફરશ્રી મેઘાબેન વિઠલાણી કહે છે કે, ભાઈઓ-બહેનો મળીને કુલ ૧૪ કલાકારો ‘તરણેતરિયો મેળો..’ ગીત પર ઉત્તર ગુજરાતનો પ્રખ્યાત હુડો રાસ પ્રસ્તુત કરવાના છે. જેમાં છત્રી, લાકડી અને રૂમાલનો ઉપયોગ કરાશે. આ રાસ પંજાબ રાજ્ય સરકાર આયોજિત કલ્ચરલ એક્સચેન્જ પ્રોગ્રામમાં ગુજરાત રાજ્ય સરકારના સાંસ્કૃતિક વિભાગ વતી રજૂ કર્યો હતો. જેમાં બીજો ક્રમ પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ પંજાબ રાજ્ય સરકારના આદેશથી આ રાસને વાઘા બોર્ડર ખાતે પણ રજૂ કરવામાં આવ્યો હતો. ભાવનગરના બજરંગ કલા ચેરીટેબલ ટ્રસ્ટના કોરિયોગ્રાફર રવિભાઈ યાદવ જણાવે છે કે, કાર્યક્રમમાં ૧૩ કલાકારો હૂડો રાસ રજૂ કરશે. જેના માટે ‘વનરા તે વનમાં, મોર પંખી બોલે..’ ગીત પસંદ કરાયું છે. આ ગ્રુપ રાજ્ય સરકાર આયોજિત યુવા મહોત્સવમાં છેલ્લા પાંચ વર્ષથી પ્રથમ સ્થાને આવે છે અને કલામહાકુંભમાં ત્રણ વાર પ્રથમ ક્રમ મેળવેલો છે. અમદાવાદ, હિમાચલ સહિતના અનેક સ્થળોએ વિવિધ કાર્યક્રમોમાં ગુજરાત સરકાર વતી આ નૃત્યની રજૂઆત કરાઈ છે. જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના ચોરવાડના હોલી-હુડો ગ્રુપના કોરિયોગ્રાફર ભીખાભાઈ વાજા જણાવે છે કે, ૧૨ કલાકર ભાઈઓ ચોરણી, કેડીયું, પાઘડીના પહેરવેશમાં ફ્રી સ્ટાઈલ હુડો રાસ રમવાના છે. ગીતના શબ્દો છે ‘લીલી લીમડી રે, લીલો નાગરવેલનો છોડ..’ અને ‘મથુરામાં વાગી મોરલી, ગોકુળમાં કેમ રહેવાય, રઘુરાય રણછોડજી..’ આ કૃતિમાં દાંડિયા, ઢોલ, શહેનાઈ, ઝાંઝ, મંઝીરા વડે લોકહૃદયમાં શ્રીકૃષ્ણ પ્રેમ ઉજાગર કરાશે. આ રાસ અયોધ્યા રામમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાયન્સ સીટી સહીત ગુજરાત અને ઉત્તરપ્રદેશ, હરિયાણા સહિતના રાજ્યો ખાતે રજૂ કરાયો હતો. ‘વીર સોલંકી ચડ્યો ધીંગાણે, હાથ લીધા હથિયાર..’ ગીત ઉપર ઢાલ-તલવાર રાસ રમીને જુસ્સો જગાવશે ૧૨ કલાકાર ભાઈઓ.. પોરબંદર જિલ્લાના બોખીરા ગામના શ્રી ચામુંડા મહેર રાસ મંડળના પ્રમુખ લીલાભાઈ રાણવાયાએ જણાવ્યું હતું કે, કલાકારો ચોરણી, કેડીયું અને પાઘડી પહેરીને આ રાસની રમઝટ બોલાવશે. વર્ષ ૨૦૧૭થી લઈને અત્યાર સુધી રાજ્યકક્ષાએ કલામહાકુંભમાં આ ઢાલ-તલવાર રાસનો પ્રથમ ક્રમ આવ્યો છે. અયોધ્યામાં શ્રીરામ ભગવાનના પ્રાણ-પ્રતિષ્ઠા સમારોહમાં પણ આ રાસની પ્રસ્તુતિ કરાઈ હતી. ગીરસોમનાથના ગેબી સરકાર ગ્રુપના આયોજકશ્રી ઈરફાન બાદશાહએ જણાવ્યું છે કે, ૧૫ આદિવાસી કલાકારો આદિવાસીઓના પહેરવેશમાં ધમાલ નૃત્ય રજૂ કરશે. ગીતમાં અરબી શબ્દો, પ્રાણીઓના અવાજો અને પૂર્વજોએ આપેલા શ્ર્લોકોનો ઉપયોગ કરવામાં આવશે. ઉપરાંત, રાજકોટના લોકગાયકશ્રી દિવ્યેશભાઈ જેઠવા પાંચ કલાકારો સાથે ડાયરાની જમાવટ કરશે. આ ગ્રુપ જન્માષ્ટમી નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રાવણ માસના અનુસંધાને મહાદેવ શિવજીના ભજન-ગીતો રજૂ કરીને દર્શકોને ભક્તિમય વાતાવરણ સાથે મનોરંજન પૂરું પાડશે.

**ધરોહર લોકમેળામાં પ્રસ્તુત થનારા રાસના પ્રકારો**

**તાળી રાસ :** તાલ, તાલી, ચપટી, લચક, ઠેસ, લાસ્ય અને વર્તુળાકારને તાલી રાસનાં મુખ્ય અંગો ગણી શકાય. ગરબામાં એક તાલી, બે તાલી, ત્રણ તાલી અને તાલી સાથે ચપટીના અનેક પ્રકાર પ્રચલિત છે. તાલી, ચપટી અને પગની ઠેસના વિવિધ પ્રકારો તેને તાલ અને લય આપે છે એટલે વાદ્યની જરૂર રહેતી નથી.

**હુડો રાસ :** મૂળભુત રીતે પાંચાળ ભુમિ તરણેતરમાં થતું એક વિશિષ્ટ નૃત્ય એટલે હુડો! કોળી, રબારી અને વિશેષરૂપે ભરવાડ સ્ત્રી-પુરૂષો સામસામે બે હરોળમાં ઉભાં રહીને પગના તાલ, અંગના આંચકા અને હાથના હિલ્લોળ સાથે નૃત્યમાં જોડાય છે. ધીમી લયથી શરૂ થયેલાં આ હુડો નૃત્યની ગતિ ધીમે-ધીમે વધતી જાય છે. લોકકલાકાર સ્વ. બાબુભાઈ રાણપુરા તો આ નૃત્યની વ્યાખ્યા એમ જ કરતા કે ‘હુડો એટલે ઊડો’ - ખેલૈયાઓ જાણે ઉડતા હોય એવી ચપળતા અને જુસ્સો આ નૃત્યમાં જોવા મળે છે. અંગના વળાંક, પગના પડછંદાનો અજબ નાદ, તાલી પ્રહારનો ધ્વનિ, શરીરની હીંચભરી હિલ્લોળતા આ બાબતો રાસને લતારાસક અને તાલરાસકનો સર્વોત્તમ પ્રકાર બનાવે છે.

**ઢાલ-તલવાર રાસ :** પોરબંદર એટલે શ્રીકૃષ્ણ સખા સુદામાની નગરી તથા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ. જેમાં વસતી ખમીરવંતી જ્ઞાતિ એટલે મહેર જ્ઞાતિ. આ મહેર જ્ઞાતિના ભાઈઓ દ્વારા ઢાલ-તલવાર શૌર્ય રાસ રમવામાં આવે છે. જેનું મહત્વ એ છે કે પ્રાચીન સમયમાં મહેર ભાઈઓ યુદ્ધની તૈયારી કરવા માટે ઢાલ અને તલવારથી રાસ રમતા હતા.

**ધમાલ નૃત્ય :** ધમાલ નૃત્ય ‘મશીરાં નૃત્ય’ને નામે પણ જાણીતું છે. રાસ ન હોય તેવું એક નૃત્ય છે સીદીઓનું ધમાલ નૃત્ય. આ સીદી પ્રજા મૂળ આફ્રિકાની છે, જે ૧૬મી સદીમાં પોર્ટુગીઝોની સાથે આફ્રિકાથી આવીને અમરેલી જિલ્લાના જાફરાબાદ પાસે જંબુર ગામમાં વસેલાં છે.

તો રાજકોટનાં ધરોહર લોકમેળાનાં ઉદ્ઘાટન કાર્યક્રમમાં આ સરસ મજાની સાંસ્કૃતિક કૃતિઓ માણવાં આવશો ને...!!

## કેશોદ એસ.ટી. ડેપોનાં સફાઈ કામદારોને મીઠાઈ ફરસાણ કીટનું વિતરણ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૩

કેશોદ એસટી ડેપોનાં પાર્સલ વિભાગ સાંભળતા સિદ્ધરાજસિંહ રાયજાદા સેવાભાવિ વ્યક્તિ તરીકે તેમના સ્ટાફમાં ખુબ જ આદર ધરાવતી વ્યકિત છે. તેઓ રાજપૂત સમાજના પ્રમૂખ તરીકે પણ સેવા આપી રહ્યા છે. જૂનાગઢ જિલ્લામાં કેશોદ ડેપોને સ્વચ્છ ડેપો તરીકે પણ એવોર્ડ અપાવવામાં તેમનો સિંહ ફાળો છે. સાતમ આઠમના તહેવારો નિમિત્તે તેમનાં દ્વારા કેશોદ માળીયા અને વંથલીનાં સફાઈ કામદારોને મીઠાઈ અને ફરસાણની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ડેપો મેનેજર બી.જી. ભીલ, ડો સ્નેહલ તન્ના, આર.પી. સોલંકી, ભૂપેન્દ્ર જોશી, દિલીપભાઈ પાઠક વગેરેએ ખાસ હાજર આપી હતી અને તેઓનાં વરદ હસ્તે સફાઇ કામદારોને મીઠાઈ અને ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેશોદ એસટી ડેપો મેનેજર બી.જી. ભીલ છેલ્લા ત્રણ વર્ષથી ડેપોમાં શ્રેષ્ઠ કામગીરી બજાવી રહ્યા છે અને તેઓનાં સમયમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડેપોને કાયમી સ્વચ્છ રાખવાના પ્રયાસ થય રહ્યાં છે અને આ ડેપો દ્વારા તેમના સર્વિસ સમય દરમ્યાન એક પણ પ્રાણઘાતક અકસ્માત થયો નથી. જેને ધ્યાનમાં લઈ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા તેમને ૨૦૨૩-૨૪ માટેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તેઓ કર્મચારી ગણ સાથે લાગણીથી જોડાયેલા છે અને દરેક કર્મચારી તેમને આદર આપે છે.

## કેશોદમાં વિવિધ સંસ્થાઓ તથા શાળાઓ દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૩

કેશોદ ભારત દેશમાં અવનવા પ્રકૃતિ આધારિત ઉત્સવો ઉજવવામાં આવે છે. જેમાં નવરાત્રી, ધુળેટી, દિવાળી વગેરે પરંતુ કૃષ્ણ જન્મોત્સવનું ધાર્મિક મહત્વ ખુબજ રહેલું છે બાળકથી યુવાન અને વૃદ્ધ સુધી દરેક આ ઉત્સવ ઉજવવા થનગની રહ્યું હોય છે.

હાલ સાતમ આઠમનાં તહેવારોની શાળાઓમાં રાજાઓ પડી રહી છે. જેથી કેશોદની શાળાઓમાં જન્માષ્ટમીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. શાળાનાં બાળકો દ્વારા આબેહૂબ વાસુદેવ કૃષ્ણને ટોપલીમાં લઈને જતા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું તેમજ બાળકો દ્વાર મટકી ફોડનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. શિક્ષકો તથા વિદ્યાર્થીઓ કાનગોપી બનીને ખુબજ રાસ રમ્યા હતા. તેમજ હિંડોળાનાં દર્શન અને મહા આરતી કરવામાં આવી હતી.

## કેશોદની આદર્શ નિવાસી શાળા ખાતે તાલુકા કક્ષાનું યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૩

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જુનાગઢ ગ્રામ્ય દ્વારા સંચાલિત કેશોદ તાલુકા કક્ષા યુવા ઉત્સવ ૨૦૨૪-૨૫ની વિવિધ સ્પર્ધાઓનું આયોજન જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન ડી. વાળાના માર્ગદર્શનમાં કેશોદની આદર્શ નિવાસી શાળા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદા જુદા ત્રણ વિભાગના સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રની ઓફલાઈન સ્પર્ધામાં ૧૫ થી ૨૯ વર્ષની વયમર્યાદા ધરાવતા કેશોદ શહેર અને ગ્રામ્ય વિસ્તારના યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના પ્રારંભે જુદી જુદી શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને આદર્શ નિવાસી શાળાના સ્ટાફની ઉપસ્થિતિમા દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધાને ખુલ્લી મુકવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકો આગામી જૂનાગઢ ગ્રામ્ય જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ સ્પર્ધાનું આયોજન અને સંચાલન ડો. ભુપેન્દ્ર જોશી દ્વારા કરવામાં આવ્યું હતું અને નિર્ણાયક તરીકે આર.પી.સોલંકી, રામસિંહભાઈ પરમાર, તૃપ્તિબેન પાઠક, એચ.એન. બારડ, એચ.એસ.મુછાળ વગેરે સેવા આપી હતી. તમામ વિજેતાઓને શાળાના આચાર્ય બી.એસ. ભાવસારે શુભેચ્છા પાઠવી હતી. આ સ્પર્ધાના કન્વીનર ડો. હમીરસિંહ વાળા અને એમ.ડી. દાહીમાંએ ઉપસ્થિત સૌ મહેમાનો અને નિર્ણાયકઓનો આભાર વ્યકત કર્યો હતો.

## દ્વારકાના ભાગીરથી મંદિર એકાદશ રૂદ્ર મહાદેવ મંદિરે શનિવારે બાબા અમરનાથના દર્શનું ભવ્ય આયોજન : સાંજે આઠ વાગ્યે મહા આરતી યોજાશે




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

દ્વારકા ઓખા હાઈવે વચ્ચે યાત્રાધામ દ્વારકાથી ત્રણ કિમીના અંતરે રૂપેણ બંદર પાસે ભાગીરથી મંદિરે એકાદસ રુદ્ર મહાદેવ મંદિરે તા.૨૪-૮-૨૦૨૪ શનિવારના દિવસે બાબા અમરનાથના દર્શનું ભવ્ય આયોજન પુજારી ભગવતપ્રસાદ પાઢ તથા તમામ સેવક દ્વારા બાબા અમરનાથના દર્શનું ભવ્ય આયોજન કરેલ હોય જેથી દ્વારકાની ધર્મ પ્રેમી જનતાને આયોજકો દ્વારા દર્શનો તેમજ સાંજે આઠ વાગ્યે મહા આરતી રાખેલ હોવાથી લાભ લેવા નિમંત્રણ પાઠવેલ છે.

### નરસૈયાની નગરી ‘‘જુનાણા’’માં વીજળીનો પ્રથમ ‘‘પ્રકાશ’’ને ૯૬ થશે

# ગિરીવર નગરી જૂનાગઢ વીજળી ઝળહળતા થયાનો ૨૬ ઓગષ્ટે ૯૬ વર્ષ થશો

**કોડીયાંથી હરિકેન અને હરિકેનથી હિલોઝન યુગ સુધીના નવ દસકાની પ્રકાશ યાત્રા યાદ કરો**

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૫

નરસૈયાની ગિરીવરનગરી જૂનાગઢ આજથી નવ દસકા પહેલા રાત્રીના ઘોર અંધકારમાં ઘેર ઘેર ફાનસના ટમટમીયા દીવડાઓના પ્રકાશથી જીવતું હતું. તા.૨૬-૮-૧૯૨૯થી જૂનાગઢમાં ટમટમીયા ફાનસ યુગનો અંત આવ્યો તે દિવસથી શહેર વિજળી ગોળાઓથી પ્રકાશમય બન્યું. અંધકારના એ યુગમાંથી વિજ્ઞાનની એ શોધને જૂનાગઢના પાદર સુધી પહોંચાડવાનું શ્રેય તે સમયના જૂનાગઢ નગરશેઠ રૂગનાથ રાજા કે જેઓ માજી સ્વ.સાંસદ બચુભાઈ રાજાના પિતાશ્રી થાય તેઓએ પોતાની માલિકીની જમીનમાં જૂનાગઢમાં હાલ જયાં જીઈબી ઓફીસ છે ત્યાં ઈલેકટ્રીક પાવર હાઉસ શરૂ કરાવ્યો. જેનો એસ્ટીમેટ હતો રૂપિયા સાત લાખ. જૂનાગઢના ઈતિહાસકાર પરિમલ રૂપાણીએ કરેલા ઉલ્લેખ મુજબ તા.૧૩-૧-૧૯૨૫ના રોજ દિવાન શેખ મહંમદે મીટીંગ બોલાવી અને માસ્ટર પ્લાન મુંબઈના કન્સલટીંગ ઈજનેરને જૂનાગઢ ખાતે બતાવ્યો અને તાા.૬-૬-૧૯૨૫ાનાા સરકયુલરથી દિવાને વિચાર ગોષ્ઠી ચાલુ રાખી અને તા.૨૦-૮-૧૯૨૮ના રોજ ધી અમીર શેખ મહંમદભાઈ ઈલેકટ્રીક પાવર હાઉસનો પાયો નાખવા માટે ફરાસખાના (હાલનું નગરપાલીકા બિલ્ડીંગ)માં ભવ્ય સમીયાણો બંધાણો અને શેઠ, શાહુકારો, અમીર, ઉમરાવોની ઉપસ્થિતીમાં નવાબ મહોબતખાન ત્રીજાએ ચાંદીના પાત્રમાં રહેલ ચુના ફેલ વડે શાસ્ત્રોકત વિધીથી ખાતમુહુર્ત કર્યુ. ૧૪ માસમાં પાવડર હાઉસનું કામ પુર્ણ થયું અને તા.૨૬-૮-૧૯૨૯ના રોજ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ વેસ્ટર્ન ઈન્ડીયા સ્ટેટ એજન્સી કર્નલ ફ્રીઝ હાથે પાવર હાઉસનું ઉદ્‌ઘાટન થયું.

ઉદઘાટનના ત્રણ માસમાં જ વધુ વિજમાંગ ઉભી થતા વધારાનો ૫૦ હજારનો ખર્ચ થયો અને તબકકાવાર ૬.૧૫ લાખના ખર્ચે વિસ્તરણ થયું. તા.૩૧-૩-૧૯૩૦ના રોજ નવાનગર મહારાજા જામસાહેબે પાવર હાઉસની મુલાકાત લીધી હતી. ફેબ્રુઆરી ૧૯૩૨માં દિવાનપદે કેડલની નિમણુંક થઈ અને નોટીસ આપી પાવર હાઉસનો કબ્જો લીધો.

સ્ટેટ ઈલે. સપ્લાય વર્કસ દ્વારા નિતી નિયમો નક્કી કરાયા જેમાં લાઈટ યુનિટ એકના પા આના, બે આના, મીટર લાઈટીંગ એક માસના આઠ આના, થ્રી ફેસ મીટરના એક રૂપિયો અને ૪૦ કેવીએ ઉપરાંત ત્રણ ફેસ મીટરના રૂપિયા બે મીનીમમ, ૧૦૦ ફુટ સુધી ઘરે ફ્રી વાયરીંગ કનેકશન કરી અપાતું.

રૂગનાથભાઈ રાજા દ્વારા સમર્પિત આ પાવર હાઉસમાં મુળ જૂનાગઢના વતની અને પાકિસ્તાનના વિવિધ ક્રિકેટરો હનીફ મહમદ, મુસ્તાક મહમદ, વજીર મહમદ અને સાદીક મહમદના પિતાશ્રીઓએ જૂનાગઢ સ્ટેટના આ પાવર હાઉસમાં ઈલેકટ્રીશ્યન તરીકે ફરજો બજાવી હતી. વિજળીઘરના ઉદ્‌ઘાટન સમયે તે સમયમાં નવીનતા હોય, લોકો તે જોવા ટોળે ટોળા ઉમટયા હતા અને રસ્તાઓ ઉપર નાચી ઉઠયા હતા.

વીજળી આગમન પહેલા ઘરની મહિલાઓ ફાનસ પેટાવતી કે પતરાના નાના ડબલામાં ઘાસલેટ ભરી તેમાં સુરતની વાટ મુકી રાત્રી પ્રકાશ મેળવતાં.

દરરોજ સાંજે મહિલાઓ એ ફાનસના કાચના પોટાઓને રાખથી સાફ કરતા અને કપડાના કટકાથી લુછી લુછી મેશ દુર કરી કે ફાનસની વાટનો મોગરો કાપી સપ્રમાણ કરી પોટાને ઉજળા કરતા અને ઘેર ઘેર ફાનસ લટકાવવાના લોખંડના એન્ગલ કે કડી રહેતી.

## ગીર-સોમનાથ જીલ્લામાં બઢતી પામેલ પોલીસ ઈન્સ્પેકટરોને નિમણુંક અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૩

રાજયમાં પીએસઆઈ માંથી તાજેતરમાં પીઆઈ તરીકે જે પ્રમોશન અપાયા હતા તેવા ૨૩૪ પીઆઈને જુદા-જુદા શહેર-જીલ્લામાં નિમણુંકો અપાઈ છે. જેમાં ગીર-સોમનાથમાં બઢતી પામેલ ઈન્સ્પેકટરોને નીચેની વિગતે નિમણુંકો અપાઈ છે. જેમાં પી.જે. બાંટવા નવી નિમણુંક આણંદ, વીરેન્દ્રસિંહ સોલંકી નવી નિમણુંક પીટીસી જૂનાગઢ, અજય બેચરભાઈ વોરા નવી નિમણુંક સ્થળ પંચમહાલ જયારે અન્ય જીલ્લાઓમાંથી ઈન્સપેકટર તરીકે બઢતી મેળવી ગીર સોમનાથમાં નિમણુંક પામનારાઓમાં મેહુલ પ્રવિણ ચૌહાણ હાલ ઈન્ટેલીજન્સ, મનોજ ગમાન પટેલ હાલ આણંદ, વાલીબેન ભુપતભાઈ પીઠીયા હાલ દેવભૂમિ દ્વારકા છે.

## ખંભાળિયા : બોળ ચોથની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દર વર્ષે શ્રાવણ વદ ચોથના દિવસને બોળ ચોથ તરીકે ઉજવવામાં આવે છે. હિંદુ સંસ્કૃતિમાં આ બોળ ચોથ કે ગાય ચોથનું અનન્ય મહત્વ છે. આજે પણ અને ઘરોમાં બહેનો ગાય તેમજ વાછરડાની પૂજા કરે છે અને ઉપવાસ કે એકટાણા કરે છે. બહેનો ગાયના દૂધ કે દૂધની બનાવટનો ઉપયોગ કરતા નથી. ઘરમાં કાયમી ઉપયોગ થતા ચૂલા ઉપર બનાવેલી કોઈપણ વસ્તુઓ પણ તેઓ લેતા નથી. ગાય ચોથના પવિત્ર દિને ગાય તેમજ વાછરડાને કપાસીયા તેમજ પલાળેલા બાજરાનો ભોગ ધરવામાં આવે છે. ખંભાળિયા તથા ગ્રામ્ય વિસ્તારમાં ગાયના ગોવાળને દાન તથા સોપારી આપીને ગાયમાતાનું વિધિવત રીતે પૂજન કરી, ગૌ સેવાનું એક ઉત્તમ ઉદાહરણ આ દિવસે પૂરૂ પાડવામાં આવે છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ઈતિહાસ વિભાગ દ્વારા પ્રદર્શન અને વર્કશોપ યોજાયો

## સમાજ સાથે સંબંધિત માનવજીવનની ભૂતકાળની પ્રવૃત્તિઓનું નિરૂપણ, વિશ્લેષણ અને અર્થઘટન કરતું શાસ્ત્ર એ ઈતિહાસ



જૂનાગઢ, તા.૨૩

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ઈતિહાસ વિભાગ દ્વારા શહેરનાં સી.એલ..કોલેજ પરિસરમાં કાર્યરત ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ.નાં ઈતિહાસ વિભાગનાં મધ્યસ્થ ખંડમાં જૂનાગઢનાં ઈતિહાસને લગત ચિત્રોની પ્રદર્શન ગેલેરી અને કાર્યશાળા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. પ્રસંગનાં અધ્યક્ષીય ઉદબોધનમાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ઉપસ્થિત ઈતિહાસવિદોને સંબોધતા જણાવ્યુ હતુ કે આપણે જાણીએ છીએ તેમ સમયે સમયે માનવજાત દ્વારા કરાયેલ પ્રવૃતિઓના લેખિત પૂરાવાઓનું ખાસ ધ્યાન રાખીને કરાયેલ ભૂતકાળનાં અભ્યાસને આપણે ઈતિહાસ તરીકે ઓળખીએ છીએ.આવા અભ્યાસ કરનાર કે લખનાર વિદ્વાનોને 'ઈતિહાસકાર' કહે છે. આ સંશોધનનું ક્ષેત્ર છે જ્યાં કર્ણોપકર્ણ કથાઓના આધારે શ્રેણીબદ્ધ ઘટનાઓનું પરીક્ષણ અને પૃથ્થકરણ કરાય છે, અને તે મોટાભાગે ઘટનાઓનાં કારણ અને પ્રભાવની રૂપરેખાનું વાસ્તવિક સંશોધન કરવાનો પ્રયાસ કરે છે. ચાણક્યનું કથન છે કે "જે લોકો ભૂતકાળ યાદ રાખતા નથી તે પોતાની અસ્મિતાને નકારે છે". કોઈ પણ સંસ્કૃતિઓની સામાન્ય ગાથાઓ, કે જેનું કોઈ બાહ્ય સંદર્ભિય પ્રમાણ મળતું નથી તેને ઈતિહાસની વિધાશાખામાં "સાંસ્કૃતિક વારસો" શ્રેણી હેઠળ વર્ગીકૃત કરાય છે. સમાજ સાથે સંબંધિત માનવજીવનની ભૂતકાળની પ્રવૃત્તિઓનું નિરૂપણ, વિશ્લેષણ અને અર્થઘટન કરતું શાસ્ત્ર આમ જોઈએ તો વર્તમાન માનવજીવન સાથે તેને ઘનિષ્ઠ સંબંધ છે. ઈતિહાસ ભૂતકાળ તથા વર્તમાનકાળ વચ્ચેનો અતૂટ સંવાદ છે. તેમાં કોઈ ઈતિહાસકારે રાજકીય, કોઈકે સામાજિક, બીજા કોઈકે ધાર્મિક, નૈતિક કે આદર્શવાદી, આર્થિક, સાંસ્કૃતિક પાસાને વિશેષ મહત્વ આપેલું છે. વાસ્તવમાં ઈતિહાસ એ આ બધાં પાસાંનો સરવાળો છે. ડો. ત્રિવેદીએ આ પ્રસંગે યુનિ. દ્વારા આવનાર દિવસોમાં સમયની માંગ મુજબ પ્રવાસન લગત વિષયો પર ભાર આપી નવા અભ્યાસક્રમોની ભુમિકા રજુ કરી હતી. જૂનાગઢ મ્યુનિ. કમિશ્નરનાં દુરોગામી વિઝનની સહારના કરતા પ્રો. ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે જૂનાગઢ -ગિર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં આર્કીયોલોજીકલ અનેક સ્થાપત્યો ઈતિહાસની સાક્ષી પુરે છે ત્યારે જૂનાગઢ નગરી હેરીટેઝ નગર તરીકે ઓળખ પ્રસ્થાપિત કરે એ દિશામાં યુનિ. હમેશા સહયોગી બની રહેશે. ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલો ફોટો પ્રદર્શનને અનાવરણ કરી ખુલ્લુ મુકી સંશોધનમાં પ્રાદેશિકતાને પ્રાધાન્ય આપતા કાર્ય શાળાના પ્રારંભ પ્રસંગે રાષ્ટ્રીય સંગઠન મંત્રી ડો. બાલમુકુંદ પાંડે અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ યોજના નવી દિલ્હીથી પધારીને બીજરૂપ વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે ઈતિહાસને માનવજીવન સાથે ઘનિષ્ઠ સંબંધ હોવાથી માનવજીવનના પરિવર્તનની સાથે ઈતિહાસનું સ્વરૂપ પણ બદલાય છે. પ્રાચીન યુગમાં રાજાશાહી પ્રબળ હોવાથી ઈતિહાસ બહુધા રાજવંશોનાં ઉત્થાન અને પતન તથા યુદ્ધો અને તવારીખોનો વિશેષતઃવર્ણનાત્મક અહેવાલ રહ્યો. મધ્ય યુગમાં સામંતશાહી તથા ધર્મસત્તાનું પ્રાબલ્ય વધતાં ઈતિહાસના ગ્રંથોમાં અમીરશાહી અને ધર્મસત્તાનું વર્ણન વિશેષ રહ્યું, જ્યારે ફ્રેન્ચ ક્રાંતિ બાદ રાષ્ટ્રવાદ અને લોકશાહીનાં પરિબળોનો ઉદય થતાં ઈતિહાસમાં સામાન્ય મનુષ્યને સ્થાન મળ્યું. વોલ્તેર અને રુસો જેવા ફ્રેન્ચ ચિંતકોએ ઈતિહાસને માનવસમાજના અહેવાલ તરીકે ઘડાવ્યો હતો. ઈતિહાસને સમજવો જરૂરી છે. ઈતિહાસ સ્થાનિક માનવજીવન સાથે સંકળાયેલ છે. સ્થાનિય ઈતિહાસની તવારીખ થી જ સંસ્કારીતા અને સંસ્કૃતિની ઓળખ બનતી જોવા મળે છે.

કાર્ય શાળાને દિપ પ્રાગટ્યથી ઉદઘાટીત કરનાર મહાનગરપાલીકાના કમિશ્નર ડો. ઓમ પ્રકાશે પ્રસંગોચિત્ત વકતવ્યમાં જણાવ્યુ હતુ કે જૂનાગઢનાં નામમાં જ ઈતિહાસ છુપાયેલ છે. અનેક સ્થાપત્યો અને ભવ્ય ભુતકાળને સંગ્રહિત રાખનાર જૂનાગઢ અને ગિરવર ગિરનાર ભારતવર્ષની શ્રેષ્ઠત્તમ સંશોધનાત્મક ભુમિ હોય શકે. અહીંનાં ભવ્ય વારસાને નિરખીએ તો એવુ અચુક અનુભવી શકાય કે જૂનાગઢ હેરીટેઝ નગર તરીકે પ્રસ્થાપિત થવામાં ક્યાંય ઘટે એમ નથી. જૂનાગઢમાં ધાર્મિક ઉત્સવો અને સ્થાપત્યોનો ભવ્ય વારસો છે. અહીં પર્યટનની વિપુલ તકો છુપાયેલી છે. બસ તેને ઉજાગર કરવા સૌએ સાથે મળી સહિયારા પ્રયાસથી આગળ વધવુ જરૂરી છે. બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર જુનાગઢના કોઠારી સ્વામીશ્રી ધર્મવિનય સ્વામીએ આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં કોમર્સ કોલેજનાં ઈનચાર્જ આચાર્ય ડો. કાનાણી, રસાયણ વિભાગનાં વડા પ્રો.(ડો.) અતુલ બાપોદરા, ધંધુકા કોલેજનાં ડો. ડાભી અને ડો. ગોહિલ, સુભાષ મહિલા કોલેજનાં પ્રિન્સીપાલ પ્રો.(ડો.) બલરામ ચાવડા, સહિત ઈતિહાસ સાથે સંકળાયે સંશોધકો, વિદ્યાર્થીઓ અને ઈતિહાસમાં રસ ધરાવતા પ્રબુધ્ધ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે અતિથિઓને આવકાર અને કાર્યક્રમની ભૂમિકા વર્ણવતા ઈતિહાસ વિભાગના વડા પ્રો.(ડો.) વિશાલ જોશીએ જણાવ્યું હતું કે જૂનાગઢની સંસ્કૃતિ ભૂતકાળના વિવિધ શાસન રાજવંશોના પ્રભાવને કારણે રસપ્રદ છે. આ પ્રભાવ આર્કીટેક્ચર, તહેવારો, રિવાજો તેમજ તેમની કળા અને હસ્તકળામાં સ્પષ્ટ થાય છે. બૌદ્ધ ગુફા સમૂહો, નવઘણ કુવો, અડી-કડી વાવ, દમોદરકુંડ, અશોકનો શિલાલેખ, જૈન દેરાસર, ઉપરકોટ, મકબરો અને શહેરની અન્ય વારસો સાઈટ્સમાં આર્કિટેકચરલ પ્રભાવોની પ્રભાવશાળી વિવિધતા જોઈ શકાય છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રદર્શન ગેલેરીમાં ઈતિહાસને ઉજાગર કરતી કૃતિઓ રજુ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનાં પ્રારંભે પ્રદર્શન ગેલેરીમાં પ્રસ્તુત ફોટો પ્રદર્શનની વિભાવના ચિલ્ડ્રન યુનિ.નાં પ્રાધ્યાપક ડો.રાજેશ ચૌહાણે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. રમેશ ચૌહાણે અને આભાર દર્શન ડો. વિશ્વજીત કવાએ કર્યુ હતું.

## શનિવારે રાંધણ છઠ્ઠનું મહત્વ તથા ચૂલો ઠરવાનું મુહૂર્ત

શ્રાવણ વદ પાંચમને શનિવાર ૨૪ ઓગસ્ટ આ દિવસે રાંધણ છઠ્ઠ છે. શનિવારે સવારના ૭.૫૧ સુધી જ પાંચમ તિથિ છે ત્યાર બાદ આખો દિવસ રાત્રી છઠ્ઠ તીથી છે. આથી શનિવારે રાંધણ છઠ્ઠ છે. શ્રાવણ મહિનો એટલે તહેવારોનો મહિનો અને તેમા પણ જન્માષ્ટમી પુર્વે રાંધણ છઠ્ઠનો તહેવાર આવે છે આ તહેવાર મા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં સવારથી સાંજ સુધી રસોડામાં મહિલાઓ મિષ્ઠાન સહિતની વાનગીઓ રસોઈ બનાવી અને ચુલો ઠારવાની પરંપરા નીભાવશે. રાંધણ છઠ્ઠનો તહેવાર શિતળા સાતમને અનુલક્ષીને મનાવવામાં આવે છે. સાતમના દિવસે રસોઈ બનાવાતા નથી. આથી મહિલાઓ છઠ્ઠના દિવસ બધી રસોઈ બનાવે છે.

ચુલાનું પૂજન :- અત્યારના જમાના પ્રમાણે જુના ચૂલા કે સગડી કોઈપણના ઘરે હોતા નથી આથી આધુનિક ગેસના ચુલાનું પણ પૂજન કરી શકાય છે. રાંધણ છઠ્ઠના દિવસે બધી રસોઈ બનાવી રાત્રે ચુલો ઠારી બંધ કરી તેના ઉપર ફુલની માળા, રૂના નાગલા ચુંદડી કંકુ, ચોખા, ચંદન, અબીલ ગુલાલથી પૂજન કરવું આમ ચુલાનું પૂજન કરવું. ઘણી જગ્યાએ ચૂલો ઠાર્યા પછી તેના ઉપર આંબાની ડાળ પણ મૂકે છે.

ચુલો ઠારવાનું મુહૂર્ત : શનીવારે બપોર ચલ લાભ અમૃત ચોઘડિયામાં ૧૨:૪૯ થી ૫: ૩૪, રાત્રે લાભ ૭:૧૦ થી ૮:૩૪, શુભ ૧૦ થી ૧૧:૨૪. જયોતિષની દ્રષ્ટિએ છઠ્ઠના અધિષ્ઠાતા દેવતા સૂર્ય છે. સૂર્યમા અગ્નિતત્વ રહેલ છે. રસોઈમા પણ અગ્નિ તત્વનું મહત્વ વધારે છે અને રસોઈ ઘરમાં માતાજી અન્નપૂર્ણાનો વાસ છે. આમ તહેવારોમાં રાંધણ છઠ્ઠનું મહત્વ વધારે છે. રાંધણ છઠ્ઠના દિવસે બનાવેલી વાનગી વધારે સ્વાદિષ્ટ થાય છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

## વિદેશમાં બાગાયતી પાકો નિકાસ કરવા માટે અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જિલ્લામાં બાગાયતી પાકો જેવા કે કેરી, ચીકુ, જામફળ, સીતાફળ વગેરે ફળો તેમજ શાકભાજી પાકો જેવા કે સરગવો, ટામેટા, કાકડી, કેપ્સીકમ વગેરેની ખેતી કરતા ખેડૂતોને વિદેશમાં નિકાસ કરવા માટે ખેડૂતોએ પોતાના ખેતર કે બગીચાનું અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવાનું જરૂરી છે. આ રજીસ્ટ્રેશનની કામગીરી જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. નિકાસ કરવા માટે રસધરાવતા ખેડૂતોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવી જરૂરી સાધની કાગળો જેવા કે ૭/૧૨, ૮-અ, આધારકાર્ડની નકલ, ફાર્મનો નકશો તથા ફાર્મ ડાયરી વગેરે જે તે જિલ્લાની નાયબ બાગાયત નિયામકની કચેરીએ અરજી કરવાની રહેશે. ત્યારબાદ અરજીની ચકાસણી કરી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવશે. આ અરજી ફોર્મ મેળવવા તથા આપવા માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, લઘુકૃષિ ભવન, બહુમાળી સામે, જૂનાગઢ સંપર્ક કરવાનો રહેશે. તેમ જૂનાગઢ જિલ્લા નાયબ બાગાયત નિયામકની યાદીમાં જણાવાયુ છે.

## યંગ સોશ્યલ ગ્રુપ - પંચેશ્વર ટાવર દ્વારા સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૨૩




યંગ સોશ્યલ ગ્રુપ પંચેશ્વર ટાવર જામનગર દ્વારા સ્વતંત્રતા દિવસનીહર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને અને અતિથિ વિશેષ તરીકે સેબી રજિસ્ટર્ડ રિસર્ચ એનાલિસ્ટ - ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટનાં શ્રી નિખિલભાઈ ભટ્ટનાં વરદહસ્તે ધ્વજવંદન પ્રસંગની રાષ્ટ્રીય ઉજવણી કરવામાં આવી હતી. ઉપરાંત શ્રીમતી પાર્વતિદેવી સ્કૂલના વિધ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગેમેયર વિનોદભાઈ ખિમસૂર્યા, ડેપ્યુટી મેયર કિર્ષનાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, જૈન સમાજના આગેવાન અજયભાઈ શેઠ, વોડ નંબર ૯ ના કોર્પોરેટ શ્રીમતી કુસુમબેન પંડ્યા, ધીરેનભાઈ મોનાણી,કેશુભાઈ માડમ, ગોવા શિપયાર્ડમાં શ્રી હસમુખભાઈ હિડોચા, લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ મોદી,હિતેન્દ્ર ચોટાઇ (ચીનાભાઈ) લઘુમતી સમાજના અલુભાઈ પટેલ, રાજુભાઈ વ્યાસ (મહાદેવ), શ્રીમતી પાર્વતીદેવિ સ્કૂલના ચંદ્રેશભાઈ સોનછાત્રા, નિશીથભાઈ દોશી, મેઘાવી દવે તેમજનેહાબહેનઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહિત બનાવ્યો હતો. યંગ સોશ્યલ ગ્રુપનાં સલાહકાર નિખિલભાઈ ભટ્ટનાં સહયોગી આયોજનથી તેમજ સંસ્થાના પ્રમુખ પ્રવીણસિંહ સોલંકી, જયભાઈ દોશી, મહેશભાઈ રાવલ, દીપકભાઈ મોખા, વિમલ સોની, મનોજભાઈ સોલંકી, બિપિનભાઈ મશરૂ, હુસેનસાઈચા, શિવમ દવે તેમજ મહિલા પાંખના શ્રીમતી શર્મિલાબા સોલંકી અને જ્યોતિબેન મોખા વગેરે જહેમત ઉઠાવેલ હતી.

## સૌરાષ્ટ્ર જ્ઞાનપીઠ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી

### કોલેજના ભૂતપૂર્વ ઉદ્યોગપતિ વિદ્યાર્થીઓએ હાલના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ, તા. ૨૩

ભેસાણ નજીક બરવાળા ખાતે આવેલ સૌરાષ્ટ્ર જ્ઞાનપીઠ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપલ ડો.આર.જી. ભુવાના અધ્યક્ષસ્થાને યોજાયેલ. આ કાર્યક્રમમાં આ સંસ્થામાં ભૂતકાળમાં ભણેલા અને હાલ અલગ અલગ શહેરોમાં ઉદ્યોગ અને ધંધામાં આગળ વધેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને હાલના વિદ્યાર્થીઓને પોતે કઈ રીતે સફળ થયા છે તે અંગેની માહિતી આપી હતી . આ તકે ડો.આર.જી.ભુવાએ જણાવ્યું હતું કે, સાહસિક બનો પરિશ્રમ કરો તો સફળતા અવશ્ય મળશે. સમગ્રનું સંચાલન પ્રો.એચ.જી.કાવાણી એ કર્યું હતું . જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. કે.વી. ગજેરા અને ડો.વી.જે.રામાણીએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. ખાતે સંસ્કૃત સપ્તાહનો કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૩

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે સંસ્કૃત સપ્તાહનું સમાપન કરવામાં આવ્યું હતું જેમાં વેરાવળ નગરની ૧૦ શાળાઓના ૮૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા તારીખ ૧૬ થી ૨૨ ઓગસ્ટ દરમ્યાન સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શિલ્ડ આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ તેમજ અનેક અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## અદાણી પોર્ટ મુંદ્રાએ ગુણવત્તા પ્રદર્શનમાં મેદાન માર્યુ

અમદાવાદ, તા.૨૩

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અને વૈવિધ્યસભર અદાણી સમૂહનું એક અંગઅદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.(APSEZ) ગુણવત્તાની બાબતમાં પણ મોખરે છે. તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજીત કન્વેન્શન ઓન ક્વોલિટી કોન્સેપ્ટ્સ ૨૦૨૪માં મુંદ્રા પોર્ટને સર્વોચ્ચ ગોલ્ડ એવોર્ડએનાયત કરવામાં આવ્યો છે. અમદાવાદ ચેપ્ટર કન્વેન્શન ઓન ક્વોલિટી કોન્સેપ્ટ્સ ૨૦૨૪ (AHCCQC ૨૦૨૪)માં મુંદ્રા પોર્ટે મેદાન માર્યુ છે.મુંદ્રા પોર્ટની ટીમ ૧૩ ગોલ્ડ અને ૨ સિલ્વર ટ્રોફી મેળવીઅવ્વલ રહી છે.ગર્વની બાબત એ પણ છે કે APSEZ મુન્દ્રાને "સૌથી વધુ ભાગીદારી" અને "જ્યુરી મેમ્બર" તરીકેના યોગદાન માટે વ્યક્તિગત પુરસ્કારો પણ મળ્યા છે. AHCCQC ૨૦૨૪માં વિવિધ ઉદ્યોગોના ૩૦૦ થી વધુ વ્યાવસાયિકોની૭૦ થી વધુ ટીમોએભાગ લીધો હતો. જેમાં KAIZEN, LQC, LSC, સિક્સ સિગ્મા ક્વોલિટી સર્કલ અને ૫જી કેસ સ્ટડીઝ જેવી વિવિધ શ્રેણીઓ રાખવામાં આવી હતી.સરેરાશ ગુણાંક વિવિધ ટ્રબલ શૂટીંગ અને પ્રેઝન્ટેશનસ્કીલના અસરકારક ઉપયોગનાઆધારે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ૭૦ થી વધુ ટીમો અને ૩૦૦ ગુણવત્તાયુક્ત વ્યાવસાયિકોની કટ્ટર સ્પર્ધા વચ્ચે મુંદ્રા પોર્ટની ટીમોએ અસાધારણ સમસ્યાનું નિરાકરણ અને પ્રસ્તુતિ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ સિદ્ધિ છૅંજીઈઢની શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.આંતરરાષ્ટ્રીય ફોરમમાં દેશનું પ્રતિનિધિત્વકરતી QCFI ભારતમાં ક્વોલિટી સર્કલ મૂવમેન્ટનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે. મુન્દ્રા પોર્ટ જહાજો માટે સૌથી ઝડપી ટર્ન અરાઉન્ડ સમયનોરેકોર્ડ ધરાવે છે. ગ્રાહકલક્ષી અભિગમ સાથે ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેણે નવા બેન્ચમાર્ક સ્થાપ્યા છે. APSEZની ઉપલબ્ધિ વૈશ્વિક બજાર અને ભૌગોલિક રાજકીય અસ્થિરતાને કારણે ઝડપી ગતિશીલ ફેરફારોને સ્વીકારવાની અને ટકાઉ વૃદ્ધિ તરફ તેની સફર ચાલુ રાખવાની ક્ષમતાને રેખાંકિત કરે છે.

## ઉનાની કુમાર પે સેન્ટર પ્રાથમીક શાળાના શિક્ષિકાને પ્રતિભાશાળી એવોર્ડ એનાયત

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૩



દર વર્ષ શિક્ષકોની કામગીરી ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા કલસ્ટર કક્ષાએ પ્રતિભા શાળી શિક્ષકને પ્રમાણપત્ર આપવામાં આવે છે જેમાં ઉના તાલુકા કક્ષાના ૭૮માં સ્વતંત્રતા પર્વના પાવન પ્રસંગે ઉના શહેરી વિસ્તારની કુમાર પે સેન્ટર શાળાના મહિલા શિક્ષિકા જ્યોત્સનાબેન પટૌલિયાને ઉપસ્થિત ઉના મામલતદાર તેમજ ધારાસભ્યની હાજરીમાં પ્રતિભાશાળી શિક્ષકનો એવોર્ડ એનાયત થતા શાળા પરિવાર મા ખુશી જોવા મળતી હતી. જ્યારે આ એવોર્ડ શાળાકીય સહઅભ્યાસ પ્રવૃતિ તેમજ સામાજિક ક્ષેત્રે વગેરે મા ઉત્સાહ પૂર્વક યોગદાન આપવા બદલ સરકાર ના શિક્ષણ વિભાગ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવતુંહોય છે.

## ખંભાળિયામાં સાતમ - આઠમ પર્વ નિમિત્તે જરૂરિયાતમંદ પરિવારોને જીવન કીટનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૩



ખંભાળિયાની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહના ઉપક્રમે તાજેતરમાં જ્ઞાતિના ખુબ જ નજીવી આવક ધરાવતા પરિવારોને ખાસ પરમીટ આપવામાં આવી છે. જેમાં વિવિધ પ્રકારની કીટ વિતરણની આ પ્રવૃત્તિ સતત ૪૨ માં વર્ષે પણ કાર્યરત છે. જ્ઞાતિ સેવા માટે જ્ઞાતિજનોના સાથ સહકારથી આ વર્ષ ૧૯૮૨થી ચાલી આવતી આ સેવા માટે પીઢ દાતા સદગૃહસ્થ મુળજીભાઈ પાબારી (મુંબઈવાળા) એક અડીખમ આધારસ્તંભ દાતા રહ્યા છે તેમના દ્વારા આ કીટ વિતરણનો સમગ્ર ખર્ચ આપવામાં આવે છે. દર વખતની જેમ આ વખતે પણ સાતમ-આઠમના પર્વ નિમિત્તે તેમના તરફથી પરિવાર દીઠ ૫૦૦ રૂપિયાની રાશનની કીટ આપવામાં આવી હતી. યુ.કે. સ્થિત અન્ય એક દાતા સદગૃહસ્થ નલીનભાઈ મોદી દ્વારા મીઠાઈ અને ફરસાણ આપવામાં આવ્યા હતા. આ સાથે અન્ય એક દાતા તરફથી પણ ફરસાણ આપી અને પુણ્યનું ભાથું બાંધવામાં આવ્યું હતું. દાતા મુળજીભાઈ પાબારીના નિવાસ સ્થાને થયેલા આ વિતરણની સમગ્ર વ્યવસ્થા છેલ્લા બે વર્ષ જેવા સમયગાળાથી દાતાની સૂચના મુજબ ચલાવવામાં આવે છે. જે વિતરણ વ્યવસ્થા ટ્રસ્ટી મહેન્દ્રભાઈ કાનાણી તેમજ અશોકભાઈ દાવડાએ ખુબ જ સારી રીતે આ કામગીરી કરી હતી. આ તબક્કે સર્વે દાતાઓનો પણ જે રીતે સહકાર મળ્યો, તે આગામી દિવસોમાં પણ મળતો રહેશે તેવી ખાતરી સાથે આ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# સો ગ્રામનો બોજ

ઓલિમ્પિક કુસ્તીની ફાઈનલમાં પહોંચનારી પહેલી ભારતીય મહિલા પહેલવાન બનીને ઈતિહાસ રચનારી વિનેશ ફોગટે ફાઈનલ મુકાબલા પહેલાં જ નિર્ધારિત સીમા કરતાં વધુ વજન હોવાને કારણે અયોગ્ય જાહેર કરવી ચોંકાવનારું છે અને આ તેની સાથે એ કરોડો દેશવાસીઓ માટે પણ ઝાટકો છે, જેને વિનેશ પાસે સુવર્ણ પદકની આશા હતી. ઉલ્લેખનીય છે કે ઓલિમ્પિકના નિયમો અનુસાર, પહેલવાનોને પ્રતિયોગિતાના દિવસોમાં પોતાના વજન-વર્ગમાં જ રહેવું પડે છે. વિનેશ પહેલી વાર ૫૦ કિલોગ્રામ વજન વર્ગમાં રમી રહી છે, એના પહેલાં તે ૫૩ કિલોગ્રામના વર્ગમાં ભાગ લેતી હતી. પરંતુ આ વખતે તે ૫૩ કિલોગ્રામ વર્ગમાં ક્વોલિફાઈ મેચમાં ખરાબ રીતે હારી હતી, બાદમાં તેણે ૫૦ કિલોગ્રામ વર્ગમાં રમવાનો નિર્ણય કર્યો હતો. ઓલિમ્પિક ફાઈનલના દિવસ સુધી વિનેશનું વજન પચાસ કિલોગ્રામની સ્વીકાર્ય સીમાથી લગભગ સો ગ્રામ વધારે હતું અને એ જ સ્પર્ધામાંથી તેના બહાર થવાનું કારણ બન્યું. અસલમાં વજનમાં ઘટાડો લાવવો એક એવી લડાઈ છે, જેની સામે ખાસ કરીને પહેલવાનોએ ઘણું ઝઝૂમવું પડે છે. તેમાં ખેલાડીઓને જે મુશ્કેલીઓ આવે છે, તે ભારત માટે ઓલિમ્પિક પદક જીતનારી પહેલી મહિલા પહેલી મહિલા પહેલવાન સાક્ષી મલિકના શબ્દોથી ખબર પડે છે. સાક્ષીએ કહ્યું કે પહેલવાન માત્ર વજન ઘટાડવા માટે જ પદકના હક્કદાર થઈ જવા જોઈએ.

પહેલવાનો પોતાના શરીરને ઓળખતા હોય છે અને તેને અનુરૂપ જ પોતાના વજનને નિયંત્રણમાં રાખે છે. ફોગટ સાથે આ સ્થિતિ પહેલી વાર નથી થઈ. એના પહેલાં ૨૦૧૬ના રિયો ઓલિમ્પિક ગેમ્સમાં ક્વોલિફાઈંગ રાઉન્ડ દરમ્યાન પણ તે થોડું વજન વધારે હોવાને કારણે બહાર કરી દેવાઈ હતી. જોકે ત્યારે એક બીજા વર્ગમાં રમતાં વિનેશ સારું પ્રદર્શન કરી રહી હતી, પરંતુ પછી ઈજાને કારણે તેણે બહાર થઈ જવું પડ્યું હતું. એવામાં પેરિસ ઓલિમ્પિકમાં એના પર બધાની નજર હતી. આ તમામ ઘટનાક્રમ પર કેટલાક નેતાઓ દ્વારા જેવાં બિનજરૂરી નિવેદનો આવી રહ્યાં છે તે તેમની અપરિપક્વતા અને કોઈપણ મુદ્દામાં રાજકીય લાભ ખાટવાની વૃત્તિ જ દર્શાવે છે. બની શકે તે તેમને રમતની કશી જાણકારી ન હોય કે ના રમતના નિયમોની, પરંતુ એનો અર્થ એ નથી કે તે ગમે તે બકવાસ કરે. કોઈ વિનેશ સાથે ષડયંત્રનું ગતકડું વહેતું મૂકે છે તો કોઈ તેને અયોગ્ય ગણાવવામાં કોઈ નેતાનો હાથ હોવાનું જૂઠ્ઠાણું ચલાવે છે. આ બધું એટલા માટે થઈરહ્યું છે, કારણ કે વિનેશે કુસ્તી મહાસંઘના પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ સિંહ વિરુદ્ધ ધરણાં-પ્રદર્શન કર્યાં હતાં. વિનેશનું અયોગ્ય ઠરવું બધા માટે આઘાતજનક છે, પરંતુ રમતના અમુક નિયમ હોય છે. તે આપણા કે બીજા કોઈના હિસાબે નથી બનતા. વિનેશ મામલે ષડયંત્રના ગપગોળા હાંકતા લોકો એની અવગણના કરી રહ્યા છે કે તેની સાથે તેણે પોતે જ પસંદ કરેલો સપોર્ટ સ્ટાફ હતો. આ મામલે કમ સે કમ નેતાઓએ તો નિવેદનો કરી દુનિયામાં હાંસીને પાત્ર ન બનવું જોઈએ.

# રાજકોટમાં શ્રી રાજગોર યુથગ કલબ દ્વારા રક્ષાબંધન મહોત્સવની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

રાજકોટમાં શ્રી રાજગોર બ્રાહ્મણ યુથ કલબ દ્વારા સોમવારે રક્ષાબંધન મહોત્સવની કવિ અમૃત ઘાયલ કોમ્યુનીટી હોલ યુનિ. રોડ એસ.એન.કે. સ્કુલની બાજુમાં ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં સાંજે ૪થી ૭ સાંસ્કર્તિક કાર્યક્રમ રાખેલ તેમાં પ્રફુલભાઈ જોષીએ હાસ્યરસમાં સૌને પેટ પકડી હસાવ્યા હતા અને ૨૦૨૨થી ૨૦૨૪ દરમ્યાન રમત-ગમત ક્ષેત્રમાં જીલ્લા રાજય રાષ્ટ્રીય સ્તરે વિજેતા થયેલ રમતવીરોનું સન્માન કરાવ્યું હતું અને સાંજે ૭થી ૯:૩૦ ભોજન પ્રસાદ લોકોએ એક સાથે લીધો હતો. આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂ તેમજ રાજગોર બ્રાહ્મણ યુથ કલબના ચેરમેન બંકિમ મહેતા, પ્રમુખ અજય જોષી તથા નિવૃત ડેકલેકટર ગુણવંતભાઈ ભરાડએ પ્રાસાંગિક ઉદબોધન કરી જ્ઞાતિને એકતા પર ભાર મુકી સંગઠીત થવા આહવાન કર્યું હતું હતું અને સંગઠીત સમાજનો જ હંમેશા વિકાસ થાય છે માટે સૌ સાથે મળી સમાજના ઉત્કર્ષમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન જાગૃતિ પુરોહિત અને સંધ્યા દવે એ કર્યું હતું.

# ૯ ઓગસ્ટે શરૂ થયેલી કોંગ્રેસની ન્યાયયાત્રા અમદાવાદ આવતા સુધીમાં મંદ પડી

## ૧૩માં દિવસે કોંગ્રેસની ન્યાય યાત્રાનો અમદાવાદમાં સરખેજ રેલવે ક્રોસિંગથી પ્રારંભ કરાયો હતો જે વાસણા APMC થઈ કોંગ્રેસના કાર્યાલય રાજીવ ગાંધી ભવન પહોંચી હતી

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં ઘટેલી વિવિધ દુર્ઘટનાઓમાં પીડિતોને ન્યાય અપાવવા માટે ૯ ઓગસ્ટથી મોરબીથી શરૂ થયેલી કોંગ્રેસની ન્યાય યાત્રા ૧૩માં દિવસે અમદાવાદ આવી પહોંચી છે. આ ન્યાય યાત્રામાં આવવા માટે રાહુલ ગાંધીને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ પરંતુ તેઓ આવ્યા ન હતા જે બાદ મલ્લિકાર્જુન ખરગેના આવવાન વાતો હતી પરંતુ તે પણ ન આવતા રાષ્ટ્રીય સ્તરના કોઈ મોટા નેતા યાત્રામાં દેખાયા નથી, જેને લઈને કાર્યકરોનો ઉત્સાહ પણ મંદ પડેલો જોવા મળ્યો હતો.

૯ ઓગસ્ટથી મોરબીથી શરૂ થયેલી કોંગ્રેસની ન્યાય યાત્રા આજે અમદાવાદ આવી પહોંચી છે. આ ન્યાય યાત્રાનું આવતીકાલે ચાંદખેડામાં સમાપન થશે. અગાઉ ગાંધીનગરમાં યાત્રાનું સમાપન કરવાનું નક્કી કરાયુ હતુ. જો કે હવે ગાંધીનગરને બદલે અમદાવાદમાં જ યાત્રાનું સમાપન કરવામાં આવશે. આજે ૧૩માં દિવસે કોંગ્રેસની ન્યાય યાત્રાનો અમદાવાદમાં સરખેજ રેલવે ક્રોસિંગથી પ્રારંભ કરાયો હતો. જે વાસણા APMC થઈ કોંગ્રેસના કાર્યાલય રાજીવ ગાંધી ભવન પહોંચી હતી. ત્યાં વિરામ કર્યા બાદ સાબરમતી સ્થિત ગાંધી આશ્રમ જશે. ત્યાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. જિજ્ઞેશ મેવાણી, કિસાન કોંગ્રેસના નેતા પાલ આંબલિયા, લાલજી દેસાઈ, હિંમતસિંહ પટેલ સહિતના નેતાઓની આગેવાનીમાં આ યાત્રા નીકળી હતી. કોંગ્રેસની ન્યાય યાત્રા અમદાવાદ પહોંચતા જ હિંમતસિંહ પટેલે જિજ્ઞેશ મેવાણી અને લાલજી દેસાઈને સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યુ હતુ. આ દરમિયાન હિંમત સિંહ પટેલે ગુજરાતમાં બનેલી દુર્ઘટનાઓ અંગે સરકારની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યુ ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી લોકો ન્યાય માટે ઝંખી રહ્યા છે, લોકોને, ખેડૂતોને ન્યાય નથી મળી રહ્યો, યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે આ તમામ સળગતા મુદ્દાઓ સામે ગુજરાત કોંગ્રેસ પુરી તાકાત સાથે લડશે અને લોકોને ન્યાય ન મળે ત્યાં સુધી કોંગ્રેસનો સંઘર્ષ શરૂ રહેશે.

ભાજપના નેતાઓ કોંગ્રેસની ન્યાય યાત્રા નિષ્ફળ રહી હોવાના પહેલા દિવસથી પ્રહાર કરી રહ્યા છે અને લાશો પર રાજકારણ રમવાનો આક્ષેપ કરી રહ્યા છે. ગુજરાતમાં બનેલી દુર્ઘટનાના પીડિતોને ન્યાય અપાવવા માટે આયોજિત કરાયેલી આ ન્યાય યાત્રાને ભાજપે નિષ્ફળ યાત્રા ગણાવી છે, આ મુદ્દે પાલ આંબલિયાએ જણાવ્યુ કે પ્રથમ દિવસથી ભાજપ યાત્રાને લઈને લોકોમાં ગેરસમજ ફેલાવી રહી છે પરંતુ આ ૧૩ દિવસ દરમિયાન બોડી વોર્ન કેમેરા સાથે પોલીસ સતત સાથે જ હતી ક્યાંય પણ અરાજકતા ફેલાઈ નથી. આ તરફ બપોર બાદ કોંગ્રેસની ન્યાય યાત્રામાં ગુજરાત કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના જોડાયા હતા.અમદવાદમાં કોંગ્રેસ કાર્યાલય પર થયેલા પથ્થરમારા બાદ રાહુલ ગાંધી ગુજરાત આવ્યા હતા અને કોંગ્રેસની ન્યાય યાત્રામાં આવશે તેવો દાવો કર્યો હતો. જો કે રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખરગે કે અન્ય કોઈપણ રાષ્ટ્રીય સ્તરના નેતા આ યાત્રામાં દેખાયા નથી. ત્યારે મોરબીથી શરૂ થયેલી આ યાત્રા રાજકોટ, વડોદરા, સુરત બાદ અમદાવાદ પહોંચી છે. જેમા કાર્યકરોનો ઉત્સાહ મંદ પડેલો સ્પષ્ટ દેખાયો હતો. ગુજરાતમાં મોરબી કેબલ બ્રિજ દુર્ઘટના, રાજકોટના ગેમઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડ, વડોદરાનો હરણી બોટકાંડ અને સુરતના તક્ષશિલા અગ્નિકાંડના તમામ પીડિતોને ન્યાય અપાવવા માટે આ યાત્રાનું આયોજન કરાયુ હતુ. જેનુ આવતીકાલે ચાંદખેડામાં એક જનસભા બાદ સમાપન થવાનુ છે.

### બુટલેગરોના વાહનોની થશે હરાજી

# નશાબંધી સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર થયું

## રાજ્યમાં કરોડો રૂપિયાના વાહનો ભંગાર થઈ જાય છે તેનું સૌથી વધુ નુકશાન દેશને થઈ રહ્યું છે

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત નશાબંધી સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર થયું છે. વિધાનસભા ગૃહમાં નશાબંધી સુધારા વિધેયક રજૂ કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દેશના તમામ જૂના કાયદાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવે અને સમયની માંગ સાથે સમાજહિતને કેન્દ્રમાં રાખીને કાયદામાં જરૂરી ફેરફારો કરવામાં આવે તેવો વિચાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વ્યક્ત કર્યો છે. જે અનુસંધાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં દારૂબંધીના કાયદામાં પોલીસ પ્રક્રિયા સરળ કરવા અને ગુનેગારોને અંકુશમાં રાખવા ઉપરાંત દારૂની હેરફેર કરતા વાહનો બીજી વાર ઉપયોગમાં ન થાય અને રાષ્ટ્રીય સંપતિ પોલીસ સ્ટેશનમાં પડી પડી ભંગાર ન થાય તે મુખ્ય હેતુ સાથે નશાબંધી અધિનિયમમાં આ સુધારો તૈયાર કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, આ પ્રકારના વાહનોની હરાજી કરીને તેના નાણાનો ઉપયોગ સમાજ હિત- સરકારી યોજનાઓ પાછળ કરનારુ ગુજરાત સમગ્ર દેશનું પ્રથમ રાજય બનશે. રાજયમાં કરોડો રૂપિયાના વાહનો ભંગાર થઈ જાય છે તેનું સૌથી વધુ નુકશાન દેશને થઈ રહ્યું છે. આવા ભંગાર થયેલા વાહનોની હરાજી બાદ જો? કોઈ વ્યક્તિ નામદાર કોર્ટમાંથી નિર્દોષ સાબિત થાય, તેનું વાહન હરાજીમાં વેચાઈ ગયું હોય તો જે તે માલિકને હરાજીમાં મળેલી રકમ વ્યાજ સાથે પરત આપવામાં આવશે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જેની એક બોર્ડરે મધ્યપ્રદેશ, બીજી બાજુ રાજસ્થાન અને ત્રીજી બાજુ મહારાષ્ટ્ર છે. દીવ જેવા કેન્દ્રસાશિત શાસિત પ્રદેશો છે. અને આ બધા રાજ્યોની અંદર નશાબંધીની નીતિ નથી. ગુજરાત નશાબંધીની નીતિને વરેલું છે તેવા સંજોગોમાં આટલી વિશાળ સરહદ સાથે જોડાયેલા અન્ય રાજયોમાંથી પણ ગુજરાતની સરહદમાં દારુ ન પ્રવેશે એ માટે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. દારૂની હેરફેર વાહન વગર શક્ય નથી. મોટા ભાગના કિસ્સામાં પોલીસ દ્વારા જે દારૂ પકડવામાં આવ્યો હોય તે દારૂના જથ્થાની કિંમતથી અનેક ગણી વધુ કિંમત તે વાહનની હોય છે. જો આ વાહન છૂટી જાય તો તેનો ફરી વખત ગુનામાં ઉપયોગ થવાની શક્યતા રહેલી હોય છે. દારૂની હેરફેરના કેસોમાં છેલ્લા બે વર્ષમાં પોલીસ દ્વારા ૨૨,૪૪૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે અને તે પૈકી આશરે ૭૨૧૩ વાહનો પોલીસ સ્ટેશન ખાતે હજુ પડતર છે. આ પ્રકારની વાહનોની હરાજી કરવાની સત્તા DySP કક્ષાના અધિકારીને સોંપવામાં આવી છે. મંત્રીએ ગૃહમાં વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ગુજરાતમાં અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારના ગુનાઓમાં ૩૦૦ જેટલી લકઝુરીયસ કાર જપ્ત થયેલી પડી છે. આ કાયદામાં સુધારો થવાથી આ કારની હરાજીમાં કરોડોની રકમ પ્રાપ્ત થશે જે હજારો ગરીબ પરિવારો પાછળ ઉપયોગમાં લેવાશે.

લાંબા સમય બાદ કોર્ટના આખરી ચુકાદા બાદ વાહન પરત કરવાનો હુકમ થયા બાદ પણ વાહન માલિક વાહન છોડાવવા આવતા નથી કારણ કે, લાંબા સમય બાદ વાહનની હાલત ખુબ જ બિસ્માર થઈ ગઈ હોય છે જેથી માલિકને તે છોડાવવામાં કોઈ રસ રહેતો નથી અને તેથી પણ પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં જપ્ત કરેલા વાહનોનો ભરાવો ઓછો થતો નથી. વાહનો લાંબા સમય સુધી બંધ હાલતમાં બિનઉપયોગ સ્થિતિમાં પડ્યા રહેતા હોઈ વાહનો ખરાબ થઈ જવાથી વાહનોની વેલ્યુમાં સતત ઘટાડો થતો હોય છે. ઉપરાંત જપ્ત કરેલ વાહનોની જાળવણીનાં તેમજ જપ્ત કરાયેલ વાહનો રાખવા માટે જગ્યાનો પણ પ્રશ્ન ઉદભવે છે. આ પરિસ્થિતિ નિવારવા સમય મર્યાદામાં મોટી સંખ્યામાં જપ્ત કરેલ વાહનોનો યોગ્ય અને ઝડપી નિકાલ કરવો જરૂરી છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ પ્રવર્તમાન નિયમમાં સુધારો કરવો ખુબ જ જરૂરી અને અનિવાર્ય હોઈ આ બિલ લાવવામાં આવ્યુ છે.

આ કાયદો ૨૦ લીટરથી વધારે દારુ પકડાય તેવા વાહનો માટે છે.

નાના માણસોને કોઈપણ જાતનું કોઈ નુકશાન કે હેરાનગતિ ન થાય તે બાબતે સરકાર સંપૂર્ણ સંવેદનશીલ છે. દારૂના મોટા પાયે વેપાર કરતા બુટલેગરોના વાહનો જપ્ત કરીને તેની હરાજી કરી આ રકમનો ઉપયોગ નાગરિકોને અપાતા યોજનાકિય લાભોમાં કરવા આ બિલ લાવવામાં આવ્યુ છે.

હાલ રાજયમાં ગૌવંશના હેરફેરના કાયદા માટે વાહનોની હરાજી કરવાની જોગવાઈ છે. તેમાં વાહનોની હરાજી કેવી રીતે કરવી તેની માર્ગદર્શિકા છે. આ માર્ગદર્શિકા અને અન્ય મુદ્દાઓ ધ્યાને લઈને આના માટે નવા નિયમો બનાવવામાં આવશે.

# ઊનામાં ગૌશાળાના લાભાર્થે ત્રણ દિવસ રાહત ભાવે ફરસાણનું વેચાણ કરવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૩

ઊના શહેરમાં નિરાધાર અપંગ બીમાર ગાય માતાની સેવા કરતી જન સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ચાલતી માં ભગવતી ગૌસેવા આશ્રમ ગૌશાળાના લાભાર્થે આજ તા.૨૨-૮ને ગુરૂવારથી ત્રણ દિવસ તા.૨૪-૮ સુધી ટાવર ચોક પાસે સ્ટોલ ઊભો કરી આગમી સાતમ અને જન્માષ્ટમીના તહેવારો નિમિતે ગોપાલ નમકીનના સહકારથી દરેક જાતનું ફરસાણ અને નમકીન ફરાળી ચેવડો, બટેટાની વેફર, કેળાની વેફર સવારે ૯ થી રાત્રિના ૮ સુધી વેચાણ કરવામાં આવશે. લોકોએ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કુદરત જ્યારે મુશ્કેલી વધારે છે, ત્યારે સમજદારી પણ વધારી દે છે. - નુફાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૪ જીવંતીકા પૂજન, નાગપંચમી, પંચક (સાંજે ૭:૫૪ ક.થી સમાપ્ત) તા.૨૩ ઓગષ્ટ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૮, રેવતી નક્ષત્ર, શૂળ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૬
આજનો દિવસ સવારે ૧૦:૩૮ ક. સુધી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સાંજે ૭:૫૪ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવધાની રાખવી. અવરોધો પાર કરી શકશો.
વૃષભ:વ્યર્થ દોડા-દોડી રહે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.
મિથુન:મહેનતનું શુભ ફળ મળે. અગત્યના કાર્યમાં પ્રગતિ રહે.
કર્ક: સાહસિક કાર્યમાં નિષ્ફળતા મળે. ખર્ચનું પ્રમાણ વધે.
સિંહ: ધાર્યા કાર્યો અટકી પડશે. મનમાં નિરાશા ઉદ્ભવે.
કન્યા: મૂંઝવણમાંથી માર્ગ મળે. નોકરી-ધંધામાં પ્રગતિ રહે.
તુલા: નાણાંભીડ દૂર થાય. સ્નેહિથી લાભ મળે.
વૃશ્ચિક:અગત્યના કાર્યમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
ધન: કાર્યબોજમાં હળવાશ અનુભવાય. ગૃહવિવાદના યોગ છે.
મકર: મનની મુરાદ બર આવે. આકસ્મીક મુસાફરી થાય.
કુંભ: ગુપ્ત ચિંતા સતાવે. નાણાંકીય લાભ થાય.
મીન: ભાગીદારી વર્ગથી લાભ થાય. ચિંતાનો ઉકેલ મળે.

# દ્વારકા શારદા પીઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજનો ૬૯મો જન્મોત્સવ યોજાયો






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

દ્વારકા શારદા પીઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજનો ૬૯મો જન્મોત્સવ અમદાવાદ ખાતે અનેક સંતો-મહંતો તેમજ પ્રતિષ્ઠિત સમાજના આગેવાનો વચ્ચે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે દ્વારકા ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય દ્વારા ગુરૂજીની પાદુકાનું પૂજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સહિત જ્ઞાતિના કારોબારી સદસ્યો, મધ્યસ્થ સભા સદસ્યોએ જગતગુરૂના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

### વિદ્યાર્થીઓ શાળાએ જતા હતા ત્યારે જ દુર્ઘટના સર્જાઈ

# બાબરા પાસે ચાલુ સ્કૂલબસમાં આગ ભભૂકતાં દોડાદોડી: ૨૦ છાત્રોનો બચાવ

## ડ્રાઈવરની સમયસૂચકતાના કારણે તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેવાયા હતા જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી

અમરેલી,તા.૨૩

અમરેલીના બાબરા તાલુકાના થોરખાણમાં ખાનગી શાળાની બસમાં આજે વિદ્યાર્થીઓ શાળા જતા હતા. એ સમયે જ બસમાં આગ ભભૂકી ઊઠી હતી. જેના પગલે અફરાતફરી મચી હતી. જો કે, ડ્રાઈવરની સમયસૂચકતાના કારણે તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેવાયા હતા. જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

મળતી માહિતી મુજબ, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના થોરખાણમમાં આવેલી શ્રી જનતા વિદ્યાલયની સ્કૂલ બસ આજે વિદ્યાર્થીઓને લઈ શાળાએ આવી રહી હતી. આ સમયે જ બસમાં અચાનક ધુમાડો નીકળ્યા બાદ આગ ફાટી નીકળી હતી. બસમાં આગ લાગી ત્યારે ૨૦ વિદ્યાર્થીઓ સવાર હતા. જો કે, ડ્રાઈવરે તુરંત જ બસનો દરવાજો ખોલી તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેતા સૌએ રાહત અનુભવી હતી. આ બસમાં આસપાસના ગામડા રાણપર, થોરખાણ, ગરણી સહિત ગામના વિદ્યાર્થીઓ સવાર હતા. આ ઘટનાની જાણ થતા શાળામાં આચાર્ય સહિત ગ્રામજનો દોડી આવ્યા હતા. શાળાના આચાર્યના કહેવા પ્રમાણે શોર્ટ સર્કિટના કારણે બસમાં આગ લાગી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

શાળાના આચાર્ય એમ.બી.ઝાલાએ જણાવ્યું હતું કે, અમારી બસમાં થોરખાણ આવતી હતી ત્યારે રસ્તામાં સાયરન વાગતા ડ્રાયવરએ બસ બંધ કરી ઉતારી વિદ્યાર્થીઓને ઉતારી દેતા ધુમાડો નીકળ્યો અને પછી વિદ્યાર્થીઓને દૂર ખસેડયા હતા. દરમિયાન બસમાં આગ લાગી હતી. અમારા વિદ્યાર્થીઓને કંઈ થયું નથી.

# જૂનાગઢમાંઆજે નાગપંચમી ઉત્સવ યોજાશે

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ ઝાંઝરડા રોડ સ્થિત ખેતલીયા દાદા મંદિર આનંદ આશ્રમ ખાતે આજે શુક્રવારના રોજ નાગપંચમી ઉત્સવ ઉજવાનાર છે. જેમાં સવારે ૯ વાગ્યે યજ્ઞનો પ્રારંભ થશે. બપોરે ૧૨ કલાકે સંતોનો ભંડારો, સાંજે ૪ કલાકે ઝાંઝારડા અને આસપાસના ગામોની કુવારીકાઓનું ભોજન, અને બપોરે ૩:૪૫ કલાકે યજ્ઞની પુર્ણાહુતી અને સાંજે ૫ કલાકે મહાપ્રસાદનું આયોજન કરેલ છે.

# દેલવાડા ગામે સેવકોનો સન્માન કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૩

ઊનાના દેલવાડા ગામે પવિત્ર મચ્છુન્દ્રિના કિનારે વારસો જુનું દેલવાડાના રક્ષક દેવ ભીડભંજન મહાદેવનું મંદિર આવેલું છે. લોકોએ તન, મન અને ધનના સહકારથી મંદિરનો જીણોધ્ધાર પૂર્ણ થયેલ છે. આજે બોળચોથના દિવસે રાત્રિના ૯થી ૧૨સુધી શિવ મહા પૂજા, રૂદ્રા અભિષેક, મહા આરતી કરવામાં આવશે. ત્યારબાદ આ મંદિરમાં જીણોધ્ધારમાં સેવા આપનાર સેવકોનું સન્માન કરવામાં આવશે તો તમામ ભાવિક ભકતોએ પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના એ ચુકાદાને બાજુ ઉપર રાખ્યો જેમાં કિશોરીઓને ‘જાતીય વિનંતીઓ ઉપર નિયંત્રણ’ રાખવાની સલાહ આપવામાં આવી હતી

## ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે કહ્યું કે, તેણે પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) એક્ટ હેઠળના કેસોની કાર્યવાહી કરવા માટે અધિકારીઓ માટે ઘણા નિર્દેશો જારી કર્યા છે

નવી દિલ્હી, તા.૨૩

સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના એ આદેશને બાજુ ઉપર રાખ્યો હતો જેમાં તેણે જાતીય શોષણના કેસમાં એક આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો અને કિશોરીઓને ‘જાતીય ઈચ્છાઓને નિયંત્રિત’ કરવાની સલાહ આપતા ‘વાંધાજનક’ અવલોકનો કર્યા હતા. ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે કહ્યું કે, તેણે પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) એક્ટ હેઠળના કેસોના નિરાકરણ માટે અધિકારીઓ માટે ઘણા નિર્દેશો પસાર કર્યા છે. ખંડપીઠ વતી ચુકાદો સંભળાવતા જસ્ટિસ ઓકાએ જણાવ્યું હતું કે, અદાલતોએ ચુકાદાઓ કેવી રીતે લખવા જોઈએ તે અંગે પણ નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.

ગયા વર્ષે ૮ ડિસેમ્બરે સર્વોચ્ચ અદાલતે ચુકાદાની ટીકા કરી હતી અને તેને ઉચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલા કેટલાક અવલોકનોને ‘અત્યંત વાંધાજનક અને સંપૂર્ણપણે ગેરવાજબી’ ગણાવ્યા હતા. સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા કરવામાં આવેલા કેટલાક અવલોકનોને ધ્યાનમાં લીધા હતા અને તેના પોતાના ઉપર એક રિટ પિટિશન શરૂ કરી હતી, જેમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે, ચુકાદાઓ લખતી વખતે ન્યાયાધીશો ‘ઉપદેશ’ આપે તેવી અપેક્ષા નથી.

પશ્ચિમ બંગાળ સરકારે ૧૮ ઓકટોબર, ૨૦૨૩ના હાઈકોર્ટના ચુકાદાને પણ પડકાર્યો હતો જેમાં આ ‘વાંધાજનક અવલોકન’ કરવામાં આવ્યા હતા. તેના ચુકાદામાં હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે, કિશોરીઓએ ‘જાતીય ઈચ્છાઓને નિયંત્રિત કરવી જોઈએ’ કારણ કે, ‘સમાજની નજરમાં તે માત્ર બે મિનિટના જાતીય આનંદનો આનંદ માણવા માટે સમર્પણ કરી દે છે.’ જાતીય શોષણ માટે ૨૦ વર્ષની સજા પામેલા એક વ્યક્તિની અપીલ ઉપર સુનાવણી કરતી વખતે હાઈકોર્ટે આ અવલોકનો કર્યા હતા. હાઈકોર્ટે આ વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો. ૪ જાન્યુઆરીના રોજ આ મામલાની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે, હાઈકોર્ટના ચુકાદામાં અમુક ફકરાઓ ‘સમસ્યાજનક’ હતા અને આવા ચુકાદાઓ લખવા ‘એકદમ ખોટો’ હતો. ગયા વર્ષે ૮ ડિસેમ્બરે આપેલા તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલા કેટલાક અવલોકનોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ આ અવલોકનો સંપૂર્ણપણે ભારતના બંધારણની કલમ ૨૧ (જીવનનો અધિકાર) હેઠળ બાંયધરી કરાયેલ કિશોરોના અને વ્યક્તિગત સ્વતંત્રતા અધિકારોનું ઉલ્લંઘન કરે છે. તેણે ૧૯/૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના આદેશ અને ચુકાદાની કાયદેસરતા અને માન્યતા વિશે ઉચ્ચ અદાલત સમક્ષ આ મુદ્દાનું અવલોકન કર્યું હતું, જેના દ્વારા એક પુરૂષને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ (અપહરણ) અને ૩૬૬ (મહિલાનું અપહરણ, અપહરણ અથવા પ્રેરિત કરવા) તેમજ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (POCSO) અધિનિયમની કલમ ૬ (તેના લગ્ન માટે ફરજ પાડવી) હેઠળ ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે, ભારતના મુખ્ય ન્યાયાધીશના આદેશ મુજબ ભારતના બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળની સુઓમોટુ રિટ પિટિશન મુખ્યત્વે કોલકાતાની ઉચ્ચ અદાલતની ડિવિઝન બેંચ દ્વારા અસ્પષ્ટ ચુકાદામાં નોંધવામાં આવેલા વ્યાપક અવલોકનો/તારણોને કારણે શરૂ કરવામાં આવી છે.



સર્વોચ્ચ અદાલતે દોષિત ઠેરવવા સામેની અપીલમાં કહ્યું હતું કે, હાઈકોર્ટને માત્ર અપીલના ગુણદોષના આધારે નિર્ણય કરવા માટે કહેવામાં આવ્યું હતું અને બીજું કંઈ નહીં. પરંતુ અમને લાગે છે કે, ઉચ્ચ અદાલતે ઘણા અપ્રસ્તુત મુદ્દાઓ પર ચર્ચા કરી છે. પ્રથમ દૃષ્ટિએ અમારૂં માનવું છે કે, આવી અપીલમાં ચુકાદો લખતી વખતે ન્યાયાધીશો પાસે તેમના અંગત મંતવ્યો વ્યક્ત કરવાની કે પ્રચાર કરવાની અપેક્ષા રાખવામાં આવતી નથી. તેના ચુકાદામાં હાઈકોર્ટે તે વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો કે, તે બે સંમતિ આપતા કિશોરો વચ્ચે બિન-શોષણકારી સહમતિથી જાતીય સંબંધનો કેસ હતો, જો કે, પીડિતાની ઉંમરને ધ્યાનમાં રાખીને સંમતિ મહત્ત્વની નથી. હાઈકોર્ટે કહ્યું હતું કે, તે દરેક સ્ત્રી કિશોરીની ફરજ/જવાબદારી છે કે, તેના શરીરની અખંડિતતાના અધિકારનું રક્ષણ કરવું; તેના ગૌરવ અને સ્વ-મૂલ્યનું રક્ષણ કરો; લિંગ અવરોધોને પાર કરીને પોતાના સર્વાંગી વિકાસ માટે ખીલવું; તેણીના શરીરની સ્વાયત્તાતા અને તેણીની ગોપનીયતાના અધિકારનું રક્ષણ કરવું, લૈંગિક ઈચ્છા/આગ્રહને નિયંત્રિત કરો કારણ કે, સમાજની નજરમાં જ્યારે તે ભાગ્યે જ બે મિનિટનો જાતીય આનંદ માણવા માટે સમર્પણ કરી દે છે. કોર્ટે જણાવ્યું હતું કે, એક પુરૂષ કિશોરે એક યુવાન છોકરી અથવા સ્ત્રીની ઉપરોક્ત ફરજોનું સન્માન કરવું જોઈએ અને તેણે તેના મનને સ્ત્રી, તેણીના સ્વ-મૂલ્ય, તેણીના ગૌરવ અને ગોપનીયતા અને તેણીના શરીરની સ્વાયત્તાતાના અધિકારનો આદર કરવા માટે તાલીમ આપવી જોઈએ.

# લેટરલ એન્ટ્રીમાં આરક્ષણ નહીં રાખવાના સરકારના નિર્ણયની ટીકા કરનાર ચિરાગ પાસવાન NDAના સૌ પ્રથમ નેતા



નવી દિલ્હી, તા.૨૩

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન સંખ્યાબંધ વિપક્ષી નેતાઓની સાથધ્ જોડાતા કેન્દ્રની લેટરલ એન્ટ્રી સ્કીમ વિરૂધ્ધ બોલનાર નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ના પ્રથમ નેતા બન્યા છે. તેમણે કહ્યું કે, આવી નિમણૂકો ઉપર મારી પાર્ટીનું વલણ એકદમ સ્પષ્ટ છે. જ્યાં પણ સરકારી નિમણૂકો હોય ત્યાં અનામતની જોગવાઈઓનું પાલન કરવું જોઈએ. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા સંયુક્ત સચિવ, નિયામક અને નાયબ સચિવ સહિત ૪૫ હોદ્દા માટે અરજીઓના બે દિવસ બાદ, લોકજનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના રાષ્ટ્રીય અધ્યક્ષે જણાવ્યું હતું કે, જે રીતે આ માહિતી સામે આવી છે તે મારા માટે પણ ચિંતાનો વિષય છે કારણ કે હું આ સરકારનો એક ભાગ છું અને મારી પાસે આ મુદ્દાઓને ઉઠાવવાનું પ્લેટફોર્મ છે, અમે બિલકુલ તેના પક્ષમાં નથી. આ સંપૂર્ણપણે ખોટું છે અને હું આ મામલો સરકાર સમક્ષ ઉઠાવીશ. UPSCનો નિર્ણય એ તેની લેટરલ એન્ટ્રી સ્કીમ હેઠળ કેન્દ્ર દ્વારા માંગવામાં આવેલી અત્યાર સુધીની સૌથી મોટી ભરતી છે, જે સરકારમાં IAS અધિકારીઓની તીવ્ર અછતને પહોંચી વળવા અને શાસનમાં ડોમેન કુશળતા વધારવા માટે ૨૦૧૮માં જાહેર કરવામાં આવી હતી. હવે મોદી સરકારની અંદરથી આ યોજનાની ટીકાઓ થઈ રહી છે, અને સરકાર તેનો કેવો જવાબ આપે છે. સંજોગવશાત, આ પહેલીવાર નથી જ્યારે પાસવાન ભાજપ સરકારના નીતિવિષયક નિર્ણયની ટીકા કરવા માટે વિપક્ષમાં જોડાયા હોય. ગયા મહિને, હાજીપુરના સાંસદે ઉત્તરપ્રદેશ સરકારના આદેશની ટીકા કરી હતી જેમાં કંવરયાત્રાના રૂટ પરના ભોજનાલયોને તેમના માલિકોના નામ દર્શાવવા માટે કહેવામાં આવ્યું હતું. વિપક્ષે લેટરલ એન્ટ્રી દ્વારા અનામત માટેની જોગવાઈઓને અવગણવા બદલ સરકારની આકરી ટીકા કરી છે, ત્યારે સરકારે કહ્યું છે કે અનામત એક જ પોસ્ટ ઉપર લાગુ પડતું નથી. આ યોજના હેઠળ ભરવાની દરેક પોસ્ટ એક જ પોસ્ટ હોવાથી, આરક્ષણ લાગુ પડતું નથી. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ યોજના ઉપર પ્રહાર કર્યા હતા અને તેને દલિત, ઓબીસી અને આદિવાસીઓ ઉપર હુમલો ગણાવ્યો હતો. કોંગ્રેસ નેતાએ વધુમાં ભાજપ ઉપર ‘બહુજન’ પાસેથી આરક્ષણ છીનવી લેવાનો આરોપ લગાવ્યો છે. ઈન્ડિયા બ્લોકના નેતા અને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે જો આ યોજનાને પાછી ખેંચવામાં નહીં આવે તો તેમની પાર્ટી ૨ ઓક્ટોબરથી તેની વિરૂદ્ધ દેશવ્યાપી આંદોલન શરૂ કરશે. કોંગ્રેસના પ્રહારનો જવાબ આપતા, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે વરિષ્ઠ અમલદારશાહીમાં લેટરલ એન્ટ્રી સિસ્ટમની વિપક્ષી પાર્ટીની ટીકા તેમનો "દંભ" દર્શાવે છે, અને યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ (યુપીએ) જ આ યોજના શરૂ કરવા માટેનો ખ્યાલ રજૂ કર્યો હતો. I&B પ્રધાને જણાવ્યું હતું કે ભાજપના નેતૃત્વ હેઠળના NDA એ તેને માત્ર પારદર્શક બનાવ્યું છે.

# શિક્ષણ બોર્ડની ચૂંટણીને લઈ ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ કરાયો

અમદાવાદ, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૯ સભ્યોની ચૂંટણીને લઈ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યા બાદ હવે મંગળવારથી ઉમેદવારી પત્રો ભરાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં ઉમેદવારો ૨ સપ્ટમ્બર સુધી પોતાની દાવેદારી નોંધાવી શકશે. ફોર્મ ભરવાની મુદ્દત પુર્ણ થયા બાદ ૩ સપ્ટેમ્બરે ફોર્મની ચકાસણી કરાશે અને ૪ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમ્યાન ફોર્મ પરત ખેંચી શકાશે. પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા તાજતેરમાં બોર્ડના ૯ સભ્યોની ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પાડ્યું હતું. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા જાહેરનામા અનુસાર મંગળવારથી ચૂંટણી માટે ઉમેદવારો પાસેથી ફોર્મ સ્વિકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં ઉમેદવારો ૨ સપ્ટેમ્બર સુધી પોતાના ફોર્મ બોર્ડની કચેરી ખાતે જમા કરાવી શકશે. ઉમેદવારી પત્રો જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તેમજ બોર્ડની કચેરી ખાતે ૨૦ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ દરમ્યાન મળી રહશે. ફોર્મ ભરાઈને મળ્યા બાદ ૩ સપ્ટેમ્બરના રોજ ચકાસણી હાથ ધરવામાં આવશે. જેમાં માન્ય રહેલા ફોર્મ અને અમાન્ય રહેલા ફોર્મની વિગતો સાથે સંવર્ગવાર નોંધાયેલા ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ યાદી પ્રસિદ્ધ થયા બાદ ૪ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમ્યાન ઉમેદવારો દ્વારા ફોર્મ પરત ખેંચી શકાશે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની મુદ્દત પુર્ણ થયા બાદ ૧૦ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી જંગમાં બાકી રહેલા ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરાશે. ત્યારબાદ ૨૪ સપ્ટેમ્બરના રોજ સભ્યોને ચૂંટવા માટે મતદાન થશે. આ વખતની ચૂંટણી માટે સમગ્ર રાજ્યમાંથી ૭૪,૨૪૨ જેટલા મતદારો નોંધાયા છે. જેમાં માધ્યમિક શિક્ષક સંવર્ગની બેઠક માટે ૨૨,૯૬૮ જેટલા મતદારો મતદાન કરશે. આ ઉપરાંત શાળાના આચાર્ય સંવર્ગની બેઠક માટે ૪,૨૦૫ મતદારો, ઉચ્ચતર બુનિયાદી શાળાના આચાર્ય-શિક્ષક સંવર્ગની બેઠક માટે ૨,૩૧૧ મતદારો, બી.એડ. પ્રિન્સીપાલ સંવર્ગની બેઠક માટે ૬૧ મતદારો, વહીવટી કર્મચારી સંવર્ગની બેઠક માટે ૧૧,૭૫૬ મતદારો, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંવર્ગની બેઠકમાટે ૧૬,૩૩૮ મતદારો, સરકારી શાળાના શિક્ષક સંવર્ગની બેઠક માટે ૪,૬૭૭ મતદારો, શાળા સંચાલક સંવર્ગની બેઠક માટે ૬૩૧૦ મતદારો અને વાલી મંડળ સંવર્ગની બેઠક માટે ૫૬૧૬ મતદારો મતદાન કરશે.

# રાજ્યમાં પવનોની દિશા બદલાતા બફારા સાથે તાપમાનમાં વધારો

અમદાવાદ, તા.૨૩

આગામી ૬ દિવસ રાજ્યમાં હળવા વરસાદી ઝાપટાં વરસી શકે છે. તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. રાજ્યના દક્ષિણ ભાગમાં ભારે વરસાદની શક્યતાઓ છે. હાલમાં મેઘરાજાએ ગુજરાતમાં વિરામ લીધો છે. કારણ કે, પવનોની દિશા બદલાઈ છે, જેને કારણે તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. આ ઉપરાંત આવનારા સપ્તાહથી ગુજરાતમાં ફરી એક વખત ચોમાસુ જામશે, તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તેમાં પણ આગામી પાંચ દિવસ દરમ્યાન ગુજરાતના દક્ષિણ ભાગ સિવાય સમગ્ર રાજ્યમાં વરસાદની શક્યતા નહિવત્ છે. તા.૨૫ અને ૨૬ ઓગસ્ટથી રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતના દક્ષિણ ભાગમાં આવેલા જિલ્લાઓ જેવા કે, નવસારી, વલસાડ, દમણ અને દાદરાને નગર હવેલીમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. આ સાથે જ યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. તદુપરાંત હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા મુજબ, આગામી સાત દિવસ બાદ રાજ્યના ઉત્તર અને મધ્ય ભાગમાં પણ સારા વરસાદની સંભાવના છે. ઓગસ્ટ મહિનાના અંતમાં ગુજરાતમાં મેઘરાજા ફરી એક વખત વરસી શકે છે. હાલમાં ગુજરાત રાજ્ય ઉપર આવતા પવનોની દિશા બદલાઈ હોવાને કારણે તાપમાન વધુ અનુભવાય રહ્યું છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ જો પવનની દિશા ફરી એક વખત ચોમાસાની ઋતુમાં હોય તેવી થાય તો વાતાવરણમાં તાપમાનનું પ્રમાણ ઓછું થશે. હાલમાં ગુજરાત રાજ્ય ઉપર આવતા પવનોની દિશા ઉત્તર પશ્ચિમ તરફથી છે, પરંતુ જો પવનની દિશા બદલાઈને દક્ષિણ પશ્ચિમની થાય તો અરબ સાગર તરફના ભેજ ગુજરાત ઉપર ખેંચાઈ આવશે, જેને કારણે વરસાદ વરસી શકે છે. પરંતુ હાલમાં તો આગામી સાત દિવસ દરમ્યાન ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા નહિવત પ્રમાણમાં છે.

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી ૧૦૧ બાળકોનાં મોત : સરકારનો સહાય આપવા માટે ઈન્કાર

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે રાજ્યભરમાં ચિંતા જગાવનાર ચાંદીપુરા વાયરસનો પ્રશ્ન વિપક્ષ કોંગ્રેસે ઉઠાવ્યો હતો. કોંગ્રેસના ચાંદીપુરા વાયરસના પ્રશ્નના જવાબમાં સરકાર તરફથી રોગચાળા દરમ્યાન ૧૦૧ બાળકોનાં અત્યાર સુધીમાં મૃત્યુ થયાનું જણાવ્યું હતું. જ્યારે મૃતકો માટે સરકાર કોઈ સહાય આપવા માંગે છે કે નહીં તેના જવાબમાં સાફ ઈન્કાર કરી દેવાયો હતો. ગૃહમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ટૂંકી મુદ્દતના કોંગી ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં ઓન રેકર્ડ સ્પષ્ટ રીતે ૧૦૧ બાળકોનાં મોત થયાનું જણાવ્યું હતું, તો સરકારના માહિતી વિભાગની અખબારી યાદીમાં ૭૩ મૃત્યુ થયાનું જણાવતા કયો આંક સાચો તેવા પ્રશ્નો ઊભા થયેલ છે. ગુજરાત વિધાનસભામાં ટૂંકી મુદ્દતના પ્રશ્નમાં ચાંદીપુરા વાયરસ અને વાયરલ એક્કેફેલાઈટીસની સ્થિતિ અંગેના પ્રત્યુત્તરમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલએ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ૬ દિવસમાં વાયરલ એક્કેફેલાઈટીસ કે ચાંદીપુરાનો એક પણ નવો કેસ નોંધાયો નથી તેમજ રાજ્યમાં ૧૨ દિવસમાં વાયરલ એક્કેફેલાઈટીસ કે ચાંદીપુરાથી સંક્રમિત એક પણ દર્દીનું મૃત્યુ નોંધાયું નથી. ઉપરાંત મૃત્યુ પામનારા પૈકી ૨૮ બાળકો ચાંદીપુરા વાયરસ કન્યર્મવાળા હોવાની સ્પષ્ટતા મંત્રીએ કરી હતી. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું કે રાજ્યમાં વર્ષ ૨૦૨૪માં રાજ્યના ૧૬૪ જેટલા દર્દીઓને વાયરલ એકેફેલાઈટીસનું સંક્રમણ જોવા મળ્યું. જે પૈકી ૬૧ જેટલા કેસ ચાંદીપુરા પોઝીટીવ હોવાનું જણાંયું હતું. ચાંદીપુરા રોગના સંક્રમણને અટકાવવા માટે રાજ્ય સરકારે પ્રો-એક્ટિવલી કામગીરી કરી છે. રાજ્યમાં શંકાસ્પદ અને પોઝીટીવ જણાયેલ અસરગ્રસ્ત વિસ્તારો સહિતના આસપાસના વિસ્તારોમાં કુલ ૫૩,૯૯૯ ઘરોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ. કુલ ૭,૪૬,૯૨૭ કાચા ઘરોમાં મેલિથિયોન પાવડર થી ડસ્ટિંગની કામગીરી અને કુલ ૧,૫૭,૦૭૪ કાચા ઘરોમાં સ્પ્રેઈંગની કામગીરી કરવામાં આવી છે. અત્યાર સુધી નોંધાયેલ કુલ ૧૬૪ વાયરલ એક્કેફેલાઈટીસ સંક્રમિત દર્દીઓને સત્વરે અને સઘન સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે પૈકી ૭૩ બાળકોના દુઃખદ મૃત્યુ નિપજ્યા જે પૈકી ચાંદીપુરા સંક્રમિત ૨૮ બાળકોના દુઃખદ મૃત્યુ નોધાયા છે. તમામ કેસ પૈકી ૮૮ બાળકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

# ભારત યુક્રેન સંઘર્ષના વહેલા અંતની આશા રાખે છે : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી તા.૨૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે તેઓ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથેની વાતચીત દરમ્યાન તેમના દેશમાં ચાલી રહેલા સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ ઉપર તેમના મંતવ્યો શેર કરશે. તેમણે જણાવ્યું કે ‘હું દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા અને યુક્રેનના ચાલી રહેલા સંઘર્ષના શાંતિપૂર્ણ નિરાકરણ પર પરિપ્રેક્ષ્ય શેર કરવા માટે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે અગાઉની મંત્રણાઓ ઉપર આગળ વધવા માટે આતુર છું, ‘ તેમણે પોલેન્ડ અને યુક્રેનની ત્રણ દિવસની મુલાકાતે જતા પહેલા એક નિવેદનમાં જણાવ્યું કે તક માટે, એક મિત્ર અને ભાગીદાર તરીકે, અમે આ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાની વહેલી તકે પાછા TISSમાં ગરબડ વિદ્યાર્થીઓના સંગઠન ઉપર પ્રતિબંધ, મુસ્લિમ વિરોધી ઉગ્ર ભાષણોને આવકાર ફરવાની આશા રાખીએ છીએ.’ મોદીએ વિશ્વાસ વ્યકત કર્યો કે આ મુલાકાત બંને દેશો સાથેના ભારતના વ્યાપક સંપર્કોનું સ્વાભાવિક ક્રમ હશે અને આવનારા વર્ષોમાં વધુ મજબૂત અને વધુ ગતિશીલ સંબંધોનો પાયો નાખવામાં મદદ કરશે અમારા રાજદ્વારી સંબંધોની ૭૦મી વર્ષગાંઠ છે અને લોકશાહી અને બહુલતા માટે અમારી પ્રતિબદ્ધતા અમારા સંબંધોને વધુ મજબૂત બનાવે છે,’’

# અમેરિકી-ઈઝરાયેલી જાસૂસ નેટવર્કના કબૂલાતનામાંથી યમનમાં અસ્થિરતા ઊભી કરવામાં દૂતાવાસની ભૂમિકા છતી થઈ

(એજન્સી) તા.૨૩

જૂનમાં યમની સુરક્ષા દળો દ્વારા સનામાં યુએસ-ઈઝરાયેલી જાસૂસ નેટવર્કના સભ્યોની કબૂલાતથી યમનને વિખેરી નાખવા અને દેશમાં લાંબા ગાળાની અસ્થિરતા ઊભી કરવાના વોશિંગ્ટનના વ્યૂહાત્મક ધ્યેયનો પર્દાફાશ થયો છે. અલ માયાદીન દ્વારા યમનના સ્ત્રોતને ટાંકીને એક અહેવાલ મુજબ, નેટવર્ક જે ૨૦૧૫થી સક્રિય છે, તેણે યમનની વિવિધ સંસ્થાઓમાં ઊંડે ઘૂસણખોરી કરી છે અને નેતૃત્વ અને સંસદીય નિર્ણયોને પ્રભાવિત કરી રહ્યું છે. સ્ત્રોતે જણાવ્યું કે પ્રવેશ ‘યમનમાં કટોકટી બનાવવા અને તેને વધારવા માટે રાજકીય સ્તરે યુએસ કાવતરાંનો પર્દાફાશ કરે છે.’ આ ઘટસ્ફોટ દર્શાવે છે કે યુ.એસ.એ તેના નિયંત્રણ હેઠળની યમનની અગાઉની સરકારને ‘કઠપૂતળી’ બનાવી દીધી હતી, જે અમેરિકી હિતોની સેવા માટે રાજકીય બાબતોમાં છેડછાડ કરી હતી. જાસૂસી નેટવર્કે યમનની નેશનલ ડાયલોગ કોન્ફરન્સ (NDC)ને નબળી પાડવાની અને યુ.એસ.ને યમનના રાજ્ય અને બંધારણની પુર્નઃરચના કરવાના તેના એજન્ડાને આગળ ધપાવવાની મંજૂરી આપવાની કબૂલાત કરી. ગઈકાલે યમન પ્રેસ એજન્સીએ કેટલાક અગ્રણી યમન વ્યક્તિઓનો ઉલ્લેખ કર્યો જેમને સાથી તરીકે નામ આપવામાં આવ્યું હતું, જેમાં યુએસ એમ્બેસેડર સાથે નજીકના સંબંધો ધરાવતા અલી મોહસેન અને સુલતાન અલ-બરકાનીનો સમાવેશ થાય છે, જેમણે ગુપ્તચર એજન્સીઓ માટે કથિત રીતે યુ.એસ. સાથે કામ કર્યું હતું. આ કબૂલાતમાં અમેરિકન હિતો માટે કામ કરતા અન્ય કેટલાક અગ્રણી રાજકારણીઓ પણ સામેલ છે. વધુમાં, નેટવર્કે તેના વિભાજનકારી એજન્ડાનો વિરોધ કરતા NDC સભ્યોની હત્યામાં યુએસની ભૂમિકા જાહેર કરી. યુ.એસ.એ સરકારી માલિકીના આર્થિક ક્ષેત્રોનું ખાનગીકરણ કરવાની યોજના સાથે યમનને છ પ્રદેશોમાં વિભાજીત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. કબૂલાતમાં એ પણ ખુલાસો થયો કે યુએસ ગુપ્તચર એજન્સીઓએ ફેબ્રુઆરી ૧૧ની ક્રાંતિ ઉપર નજીકથી નજર રાખી હતી અને એકત્ર કરાયેલી માહિતીનો ઉપયોગ તેમના પક્ષમાં પરિણામને આકાર આપવા માટે કર્યો હતો. જાસૂસી કોષે અંસારૂલ્લાહ (હૌથી ચળવળ)ના ઉદયનો સામનો કરવા માટેના યુએસ પ્રયાસોને પણ પ્રકાશિત કર્યા હતા, જેને વોશિંગ્ટન યમનમાં તેની યોજનાઓમાં મુખ્ય અવરોધ તરીકે જોતો હતો. કબૂલાત વિગતો આપે છે કે કેવી રીતે યુએસ ગુપ્તચર એજન્સીઓએ અંસારૂલ્લાહ સામે સ્થાનિક સંઘર્ષોને વેગ આપ્યો હતો અને સઉદી અરેબિયાનો ઉપયોગ ઓપરેશનના આધાર તરીકે ઉપયોગ કરીને યમન સામે લશ્કરી આક્રમણ માટે પ્રારંભિક આયોજન શરૂ કર્યું હતું.

# 'અહંશક્તિ-અ મુવમેન્ટ ફોર વુમન' અંતર્ગત ગુજરાતની મહિલાઓને આત્મનિર્ભર બનાવવાની પહેલ







(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૩

'અહંશક્તિ' અ મુવમેન્ટ ફોર વુમન' મહિલા સશક્તિકરણની ઉજવણી કરતો પરિવર્તનશીલ સેમિનાર અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે યોજાવામાં આવ્યો હતો. સેમિનારમાં ૨૦ યુવા મહિલા ઉદ્યોગ સાહસિકોને સન્માનિત કરવામાં આવ્યા, જ્યારે સાત પ્રેરણાદાયી મહિલાઓ, જેમણે તેમના સંબંધિત ક્ષેત્રો માટે અસાધારણ મહેનત અને સમર્પણ દર્શાવ્યું છે, તેમના પ્રયત્નોને આગળ વધારવા માટે નાણાંકીય સહાય આપવામાં આવી હતી.

આ સેમિનારમાં અતિથિ વક્તા કેશોદના અને UAEમાં સ્થાઈ થયેલા રચના સલૂનના સ્થાપક રચના ઠક્કરે પોતાની પ્રેરણાદાયી સફર અંગે વાત કરી હતી. તેમણે કહ્યું કે વર્ષ ૧૯૮૦માં UAEમાં મેં મારા ઘરમાંથી જ મહેંદી મૂકવાનું શરૂ કરીને કારકિર્દી શરૂ કરી હતી. મારી બ્રાંડ 'અરેબિક હિના' જગ વિખ્યાત છે. UAEમાં દરેક રોયલ ફેમિલિના લગ્ન પ્રસંગોમાં મહેંદી મુકવાથી લઈને સમગ્ર UAEમાં ૧૪ સલૂન વિકસાવીને ૨૦૦૦થી વધુ મહિલાઓને રોજગારી આપી આત્મનિર્ભર બનાવી છે. મહિલાઓ શસકત અને આત્મનિર્ભર બને તેવો મારો સતત પ્રયાસ રહે છે.

ગુજરાતમાં મહિલાઓને આત્મનિર્ભર બનાવવાની મુવમેન્ટ અંગે વાત કરતા લેખક અને મોટિવેશનલ સ્પિકર કુલદિપસિંહ કલેર કરે છે કે, "મહિલાઓને આત્મનિર્ભર બનાવવી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો અમારો પ્રયાસ છે. સહાયતા, પ્રેરણાદાયી અને યોગ્ય માર્ગદર્શન દ્વારા મહિલાઓને તેમની સંપત્તિ અને ક્ષમતાઓના પૂર્ણ ઉપયોગ કરવા સક્ષમ બનાવવા અને સમાજમાં સમાન તકો આપી આર્થિક સ્વાવલંબન પ્રદાન કરવાની આ ચળવળ છે."

સાત પ્રેરણાદાયી મહિલાઓને તેમની અસાધારણ મહેનત અને સમર્પણ બદલ ૧૦,૦૦૦ની નાણાકીય સહાય અને સન્માન આપવામાં આવેલ છે.

**૧. અંજલી સોરઠીયા :**

ભણવામાં ખુબ જ તેજસ્વિ અંજલીએ વગર ટ્યુશને સારા ટકા મેળવ્યા. બીકોમના પ્રથમ વર્ષ સાથે સીએની તૈયારી કરી રહી છે. કોરોનામાં પિતાનો ફુટવેરનો ધંધો ઠપ્પ થતા અંજલીએ પરિવારને આર્થિક સપોર્ટ આપવા માટે લો ગાર્ડનમાં ચપ્પલની રેકડી ચલાવે છે. અહં શક્તિના માધ્યમથી અંજલીને સીએના અભ્યાસ માટે રૂ.૧૦,૦૦૦ની સ્કોલરશિપ આપવામાં આવી છે અને સીએ કોચિંગની બીજી વ્યવસ્થાઓ મળી રહે તેના માટે પણ પ્રયત્નશિલ છે.

**૨. લક્ષ્મી રાઠવા :**

છોટા ઉદયપુરના આદીવાસી વિસ્તારમાંથી આવતી લક્ષ્મી રાઠવાએ બીસીએનો અભ્યાસ પૂર્ણ કરી બે વર્ષ ખાનગી કંપનીમાં નોકરી કરી, અને આત્મનિર્ભર થવાનો સંકલ્પ કર્યો. અમદાવાદના ન્યુ સીજી રોડ વિસ્તારમાં લક્ષ્મીએ 'બીસીએ ચાયવાલી'ના નામે ચાની રેકડી કરી. ધંધો સેટ થઈ જતા લક્ષ્મીએ પોતાના નાના ભાઈને તે ધંધો સોંપી અમદાવાદના મોટેરામાં બીજી શાખા શરૂ કરી. લક્ષ્મીએ પોતાના ધંધામાં કરેલો પરિશ્રમ અને સંઘર્ષ અન્ય યુવક યુવતીઓ માટે દાખલા રૂપ હોવાથી અહં શક્તિ પુરસ્કારની દાવેદાર બને છે.

**૩. આરતી પટેલ :**

ગાંધીનગર નજીક રાંધેજા ગામના આરતી પટેલે ડિપ્લોમા નર્સિંગ કર્યુ છે. લગ્ન બાદ એક અકસ્માતને પગલે આરતી બહેનના પતિને થોડા મહિના માટે ડોક્ટરે બેડ રેસ્ટ કરવાની સુચના આપી. પરિવારની આર્થિક જરૂરીયાતો પૂરી કરવા આરતી બહેન ઘરેથી થઈ શકે તેવું કામ શોધવા અમદાવાદના માર્કેટમાં ફર્યા. જ્યાં તેમને રાખડી બનાવવાનું કામ મળ્યું. ઘરઆંગણે આરતી બહેનને રાખડી બનાવતા જોઈ પાડોસની ગૃહિણીઓએ પણ આ કામમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી. આરતી બહેન ગુજરાતની ૧૦૦૦થી વધુ બહેનોને ઘરે બેઠા રાખડી બનાવવાનું કામ આપે છે. અહં શક્તિ આરતી બહેનના આ યોગદાનને સલામ કરે છે.

**૪. માનસી સદીરા:**

જન્મથીજ માનસી બહેનનું એક ફેંફસુ નાનું હોવાથી તેમનો શારિરીક વિકાસ પ્રમાણસર થઈ શક્યો નહિં. શ્વાસ લેવામાં તકલીફ થતી હોવાને કારણે માનસી બહેને બ્રિધિંગ માટે મશીનનો સહારો લેવો પડે છે. ફેશન ડિઝાઈનિંગનો અભ્યાસ કર્યા પછી પોતાની શારિરીક મર્યાદાને કારણે તેઓ તે દિશામાં કારકિર્દી બનાવી ન શક્યા પણ હિંમત હાર્યા વગર માનસી બહેને ઘરે આર્ટ, ક્રાફ્ટ અને ડ્રોઈંગના ક્લાસ શરૂ કર્યા. અનેક બાળકો અને યુવાનોને તેઓ તાલીમ આપી ચુક્યા છે. માનસી બહેનનો ઉત્સાહ અને જીવન પ્રત્યેના સકારાત્મક અભિગમને અહં શક્તિ સલામ કરે છે.

**૫. રંજન બહેન પંચાલ:**

આર્થિક સંકળામણને કારણે પારકા ઘરે રસોઈ કરવા જતી બહેનની પ્રગતિ અનેક લોકોને પ્રેરણા આપનારી બની છે, વાત છે રંજનબહેન પંચાલની. ઘરે ઘરે રસોઈ કરવાની સાથે રંજન બહેને ૧૦૦-૫૦૦ લોકોના જમણવાના ઓર્ડર લેવાના શરૂ કર્યા. સાથે વિદ્યાર્થીઓ માટે ટિફિન સર્વિસ શરૂ કરી. આજે કેસર ફુડ નામે રંજન બહેનની બ્રાન્ડ ગોતા વિસ્તારમાં ખુબ લોકપ્રિય છે. પેરેલિસિસને કારણે પથારિવશ પતિની સેવા સાથે ૬૨ વર્ષના રંજન બહેન પોતાનું સ્ટાર્ટઅપ પણ ચલાવી રહ્યા છે. અહં શક્તિ રંજન બહેનના પરિશ્રમ અને ખુમારીને વંદન કરે છે.

**૬. મધુ બહેન દાવડા:**

નવ ભાઈ બહેનોના મોટા પરિવારમાં જન્મેલા મધુબહેને ધર્મના પ્રચાર અને લોકોની સેવા કાજે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આજીવન કુવારા રહી મધુ બહેન ૬ દાયકાથી કેશોદમાં પ્રણામી ધર્મના મંદિરમાં સેવા આપી રહ્યા છે. ધાર્મિક અને સેવા કાર્યો માટે જાણીતા મધુબહેનનું નામ સમગ્ર કેશોદમાં ખુબજ માન સાથે ઉચ્ચારવામાં આવે છે. અહં શક્તિ ધર્મ પ્રત્યે મધુ બહેનના સમર્પણને નમન કરે છે.

**૭. અનિતા બહેન મૃગ:**

રાજકોટથી અમદાવાદ આવેલા અનિતા બહેન આડોશ પાડોશમાં ઘરકામ કરવા જતા. રસોઈ બનાવવાની એમની આવડત સારી હોવાને કારણે લોકો એમને રસોઈ કામ માટે બોલાવવા લાગ્યા. આમ અનિતાબહેન આજે ઘર કામ અને પાક કલાની પોતાની આવડતના જોરે આત્મનિર્ભર છે અને પોતાના પરિવારને પણ આર્થિક સપોર્ટ પુરો પાડી રહ્યા છે. અહં શક્તિ એમની મહેનતને બિરદાવે છે.

અહં શક્તિ વ્યાખ્યાન શૃંખલાનો બીજો સેમિનાર તા.૨૭ ઓગષ્ટના દિવસે સુરતમાં આયોજિત કરવામાં આવ્યો છે. આવનારા દિવસોમાં બરોડા અને રાજકોટમાં પણ અહંશક્તિ કાર્યક્રમ યોજાશે.

# દ્વારકામાં જન્માષ્ટમી દરમ્યાન પાર્કિંગ, વન-વે, પ્રવેશબંધી સહિતના નિયમો સાથેના જાહેરનામા અમલી

(પ્રતિનિધિ દ્વાર)

જામ ખંભાળિયા, તા. ૨૩

આગામી જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ તા.૨૭ ઓગસ્ટ સુધી દ્વારકા શહેરના કેટલાક વિસ્તારો 'નો પાર્કિંગ' તેમજ 'પાર્કિંગ' ઝોન તરીકે ઉપયોગમાં લેવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જે મુજબ પૂર્વ દરવાજાથી જોધાભા માણેક ચોક અને પૂર્વ દરવાજાથી ભથાણ ચોક સુધી ૫૦ મીટર ત્રિજ્યા, ત્રણબતી ચોકથી મહાજન બજાર ચાર રસ્તા, ત્રણબતી ચોકથી ભદ્રકાલી રોડ સુધી ૫૦ મીટર ત્રિજ્યા, હોમગાર્ડ ચોકથી ત્રણબતી ચોક અને હોમગાર્ડ ચોકથી શાક માર્કેટ સુધી ૫૦ મીટર ત્રિજ્યા, શાકમાર્કેટ ચોકની આજુબાજુના વિસ્તાર ૫૦ મીટર ત્રીજ્યામાં તેમજ એસટી ડેપોના આજુબાજુના વિસ્તાર ૧૦૦ મીટર ત્રિજ્યામાં, જોધાભા માણેક ચોકથી શિવરાજસિંહ રોડ ઈસ્કોન ગેઈટ સુધી ૧૦૦ મીટર ત્રિજ્યા અને કીર્તિસ્તંભ, સુદામા ચોક, ભથાણ ચોક, મટુકી ચોક તેમજ ભદ્રકાલી ચોક આજુબાજુના વિસ્તારના ૨૦૦ મીટર ત્રિજ્યામાં "નો પાર્કિંગ ઝોન" તરીકે નિયત કરેલ છે.

વધુમાં વિવિધ પાર્કિંગ ઝોન પણ જાહેર કરાયા છે, જે મુજબ હાથી ગેઈટ પાર્કિંગ વ્યવસ્થા, સર્કિટ હાઉસ પાછળનું મેદાન, શારદાપીઠ કોલેજનું ખુલ્લું મેદાન એસટી રોડ, રાજપુત સમાજ સામે ગોમતીઘાટ ખુલ્લુ મેદાન, સ્વામિનારાયણ મંદિર ગ્રાઉન્ડ પાછળનું મેદાન, રાવળા તળાવ ગ્રાઉન્ડ ઈસ્કોન ગેટની બાજુમાં, અલખ હોટલની બાજુમાં હાથીગેટની સામે ફોર વ્હીલ, થ્રી વ્હીલ તથા હેવી વાહનો માટે પાર્કિંગ વિસ્તાર રહેશે.

તંત્ર દ્વારા પરવાનગી અપાયેલ વાહનો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનોને આ જાહેરનામું લાગુ પડશે નહીં. આવા વાહનોને ફરજ પરના પોલીસ અધિકારીએ યોગ્ય જગ્યાએ પાર્કિંગ કરાવવાના રહેશે.

**રસ્તાઓને વન-વે જાહેર કરતું જાહેરનામું**

આ જાહેરનામા મુજબ જોધાભા ચોકથી પૂર્વ દરવાજા સુધી તેમજ ભથાણ ચોકથી પૂર્વ દરવાજા સુધી (નો એન્ટ્રી) ફક્ત એક્ઝિટ રહેશે.

**વિવિધ રસ્તાઓ પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું**

જન્માષ્ટમી પર્વે દ્વારકામાં ટ્રાફિક નિયમન વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી નીચે જણાવેલ રસ્તાઓ પર તમામ પ્રકારના વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જે મુજબ હાથી ગેટથી દ્વારકાધીશ મંદીર તરફ, કાનદાસબાપુ આશ્રમથી ભથાણ ચોક-કીર્તિસ્તંભ-દ્વારકાધીશ મંદીર તરફ, મહાજન બજારથી દ્વારકાધીશ મંદીર તરફ, બ્રહ્મ કુંડથી દ્વારકાધીશ મંદીર તરફ, જોધાભા માણેક ચોકથી દ્વારકાધીશ મંદીર પૂર્વ દરવાજા તરફ, ભથાણ ચોકથી દ્વારકાધીશ મંદીર પૂર્વ દરવાજા તરફ, કિર્તી સ્તંભ સર્કલથી દ્વારકાધીશ મંદીર પૂર્વ દરવાજા તરફ ટુ વ્હીલ, થ્રી વ્હીલ, ફોર વ્હીલ તેમજ ભારે વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત કરાયો છે. જ્યારે ધીંગેશ્વર મંદીરની સામેની શેરી દ્વારકાધીશ મંદીર તરફ, શાક માર્કેટ ચોકથી મહાજન બજાર, નિલકંઠ ચોક, દ્વારકાધીશ મંદીર તરફ આવા વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત રહેશે. ઈસ્કોન ગેઈટથી - ભથાણ ચોક - જોધાભા માણેક ચોક - દ્વારકાધીશ મંદીર તરફ, પોસ્ટ ઓફિસ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે, રબારી ગેટ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે, હોસ્પીટલ ચાર રસ્તાથી મટુકી ચોક - ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે, સર્કિટ હાઉસ ચાર રસ્તાથી મટુકી ચોક - ભદ્રકાલી ચોક તરફ તથા પ્રિતમ વ્યાયામ તરફ જતા રસ્તે, બસ તેમજ ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

**સુદર્શન સેતુ નજીક ભારે વાહન તથા ખાનગી બસો પર પ્રતિબંધ**

ઓખા નજીક આવેલા સુદર્શન સેતુના ઓખા તરફ આવેલા છેડેથી શ્રી દ્વારકાધીશ મંદીર - બેટ સુધી ભારે વાહન, ટ્રક તથા ખાનગી બસોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું તા. ૨૭ ઓગસ્ટ સુધી અમલમાં મૂકવામાં આવ્યું છે. ઉપરોક્ત તમામ જાહેરનામાનો ભંગ કરનાર સજાને પાત્ર થશે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ વડા કચેરી દ્વારા પરવાનગી અપાયેલા વાહનો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનોને ઉપરોકત તમામ જાહેરનામા લાગુ પડશે નહિં તેમ એક યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢમાં યુનાઈટેડ એજયુ. એન્ડ વેલ્વફેર સોસાયટી દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ તા. ૨૩

મહાનગર જૂનાગઢના મુસ્લિમ સમાજના બાળકોમાં અસરકારક શિક્ષણનો વ્યાપ વધે તેમજ ભારત દેશના મુખ્ય પ્રવાહમાં ભળી દેશની પ્રગતિમાં નોંધપાત્ર હિસ્સો બને તેવા શુભ હેતુથી મુસ્લિમ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો એક ભવ્ય કાર્યક્રમ દર વર્ષની જેમ જ યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા યોજવામાં આવેલ છે.

આ સન્માન સમારોહમાં ધો. ૭ પાસ કરેલ વિદ્યાર્થીઓથી લઈ વિવિધ ક્ષેત્રના સ્નાતક, અનુસ્નાતકોની સાથોસાથ રમત ગમત, સંશોધન, ચિત્ર વગેરે જેવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં કોઈ સિધ્ધિ મેળવી હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સુપર બુક સ્ટોર, અજંટા ટોકીઝ વાળી ગલીમાં, સંઘાડીયા બજારનો સંપર્ક કરવાનો રહેશે. આ સમારોહમાં ધો.૭-૮ માં ૮૦ ટકા, ધો.૯-૧૧ માટે ૬૦ ટકા, ધો.૧૦-૧૨ માટે ૫૫ ટકા અને કોલેજ માટે ૪૮ ટકા ગુણ ઓછામાં ઓછા મેળવેલા હોય તેવા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. નિયત ટકાવારી મેળવનાર દરેક વિદ્યાર્થીને મુખ્ય ઈનામો, રોકડ ઈનામો તથા આશ્વાસન ઈનામો સાથે નવાઝવામાં આવશે. શિક્ષણ જાગૃતિના પ્રચાર અને પ્રસાર માટે અનિવાર્ય સેવા આ રચનાત્મક સમારોહમાં મહાનગર જૂનાગઢના મુસ્લિમ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ભાગ લે તેવી અપીલ યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફર સોસાયટીના પ્રમુખ ઈકબાલભાઈ મારફત્યા દ્વારા એક અખબારી યાદીમાં કરવામાં આવેલ છે.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની શાનદાર ઉજવણી કરાઈ



જૂનાગઢ તા. ૨૩

ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ ખામધ્રોળ રોડ જૂનાગઢ ખાતે તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ શ્રી કૃષ્ણ જન્મોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થી વાસુદેવ બની ટોપલામાં શેષનાગની છત્રછાયામાં કાનુડાને રાખી તેના જન્મોત્સવની શાળાના વિદ્યાર્થીઓ અને શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આજે ભગવાન શ્રીકૃષ્ણને ૫૦૦૦ વર્ષ પછી પણ આપણે યાદ કરીએ છીએ. કારણકે કૃષ્ણ પૂર્ણાવતાર છે. તેથી જ કહેવાય છે કે કૃષ્ણમ્ વંદે જગદગુરૂમ. કૃષ્ણ બધાને પોતાના લાગે છે. બાળકો માટે બાલ કૃષ્ણ, યુવાનોને મિત્ર, વૃધ્ધોને પુત્ર, રાજાઓ રાજા અને ભક્તોને સ્વયંમ્ ભગવાન લાગે છે. હજારો વર્ષો પછી પણ વિશ્વને માર્ગદર્શન આપતો ગ્રંથ એટલે શ્રીમદ્ ભગવદગીતા જે ભગવાન શ્રીકૃષ્ણએ સ્વમુખે ગાયેલો છે. જગતનો ઈતિહાસ પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં ડોલતો રહયો છે. આ બંનેનો સમન્વય ભગવાન શ્રીકૃષ્ણએ કર્યો છે.

**'કૃષ્ણં વન્દે જગદ્ગુરૂમ્'**

શાળાના સ્ટાફ દ્વારા રંગ-બેરંગી તોરણો, ફુગ્ગાઓ દ્વારા શણગારવામાં આવેલ શાળાના વિદ્યાર્થીઓ ગોપ-ગોપીઓ બની મટકીફોડનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. વિદ્યાર્થીઓએ પ્રાસંગિક નાટક અને ડાન્સ રજુ કરેલ હતો. ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ જે.વી.બુટાણી, શ્રી અજુડીયા, વઘાસીયા, આચાર્ય કે.એમ.ઠુંમર, રવિભાઈ, લખમણભાઈ, અલ્પાબેન, એકતાબેન દ્વારા શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન એટલે પ્રશ્નોની પરંપરા છતાં શ્રીકૃષ્ણ પરિવાર પ્રત્યેની ફરજ અદા કરવાનું ચુક્યા નથી આજના મોર્ડન યુવાનોને શ્રીકૃષ્ણ શીખવે છે 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ'ની સમજણ પ્રવચન દ્વારા આપેલ હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું.



શ્રાવણ માસમાં સરકાર જુગારની ટુર્નામેન્ટ યોજતી હોય તો?



શ્રાવણ મહિનામાં ફરાળી વાનગીઓ ખાઈ-ખાઈને તું તો દિવસે દિવસે જાડી થતી જાય છે.!

# કલ્યાણપુરની આંગણવાડીમાં બાલ દિવસની ઉજવણી કરાઈ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

કલ્યાણપુર તાલુકાના આવેલા કલ્યાણપુર ઘટક ૧ ખાતે તમામ આંગણવાડી કેન્દ્ર ઉપર તારીખ ૨૦ તથા તારીખ ૨૧ ઓગસ્ટના રોજ બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સેનાનીઓ અને નેતાઓના જુદા જુદા પરિવેશ ધારણ કરીને ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિથી બાળકોમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના વધે તે માટે આયોજકો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# બિનવારસુ શબના વાલી-વારસોએ જૂનાગઢ રેલ્વે પોલીસનો સંપર્ક સાધવો

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ રેલ્વે પોલીસ સ્ટેશનના અ.મોત નં.૧૧/૨૪ બીએનએસએસ કલમ-૧૯૪ મુજબનો બનાવ તા.૨૦-૮-૨૪ના કલાક-૨૦.૩૦ વાગ્યે જાહેર થયેલ હોય. આ કામે મરણ જનાર એક અજાણ્યો પુરૂષ ઉંમર આશરે ૩૦ થી ૩૨ વર્ષનો જે શરીરે મધ્યમ બાંધાનો, માથે સફેદ ત્રણ ઈંચ જેટલા કાળા વાળ તેમજ કપાળના ભાગે વાગેલાનું નિશાન છે. તેમજ જમણા હાથમાં ત્રણ સ્ટાર ત્રોફાવેલ છે. તેમજ શરીર ઉપર સફેદ કલરનો આખી બાયવાળો શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ છે. મરણ જનાર લુશાળા રેલ્વે સ્ટેશન કિ.મી. નં.૧૨૫/૯ થી ૧૨૫/૮ વચ્ચે વેરાવળ રાજકોટ લોકલ ટ્રેન આગળ પડતું મુકી જતા ટ્રેનથી થયેલ માથાના ભાગે ગંભીર ઈજાઓ સબબ મરણ ગયેલ હોય, મરણ જનારનું નામ, ઠામ તપાસ દરમ્યાન જણાઈ આવેલ ન હોય તેમજ વાલી-વારસો વિશેષ શોધ કરતા મળી આવેલ ન હોય જેથી ઉપરોકત વર્ણવાળા મરણ જનારના કોઈ વાલી વારસો હોય તો તેઓએ જૂનાગઢ રેલ્વે પોલીસ સ્ટેશનનો અથવા મો.૯૬૨૪૨ ૩૩૯૧૯ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છની ઉત્સવ પ્રિય પ્રજામાં લોકમેળા થકી ધાર્મિક-સાંસ્કૃતિક, સામાજીક-સંગમનું ગ્રામીણ-શહેરી લોકજીવનની રંગબેરંગી પરંપરાગત પોશાકોમાં ધરોહર ધબકે છે





**લોક મેળામાં ઉમટી પડતા ધાડેધાડા સૌરાષ્ટ્ર - કચ્છની પ્રજાની ઉત્સવ પ્રિયતા દર્શાવે છે : રાજકોટ, ઈશ્વરિયા, ઘેલા સોમનાથ, ભવનાથ, પરબવાવડી, તરણેતર, પીંડારા, ભૂચરમોરી, ઈન્દ્રેશ્વર, ઢેબરિયો, રવેચી, માધવપુર ઘેડના મેળાઓ છે જગ મશહુર તરણેત્તરનો મેળો જીવનસાથીની પસંદગી અને ગ્રામીણ ઓલિમ્પિક - પીંડારાનો મેળો મલ્લ કુસ્તી-માધવપુરનો આંતરરાષ્ટ્રીય લોકમેળો-જૂનાગઢ ની મહા શિવરાત્રિનો બાવાઓનો મેળો, ગુજરાત સરકાર મેળામાં કામચલાઉ નિવાસ રૂપે તંબુઓ, રાવટીઓ તથા માટી - છાણની બનાવેલી ઝૂંપડીઓ તૈયાર કરાવે છે**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૩


સૌરાષ્ટ્ર-કચ્છની પ્રજાની ઉત્સવ પ્રિયતાનો અંદાજ અને પ્રિયતાનો પરિચય પરિણયમાં પરિવર્તિત થઈ સાંસારિક જીવનમાં પરિણમે છે. લોકમેળાની પાછળ ધાર્મિક, સાંસ્કૃતિક સામાજીક પરિબળો કામ કરે છે. સૌરાષ્ટ્રમાં કેટલાંક પ્રખ્યાત મેળાઓમાં રાજકોટથી ૧૦ કિમી દૂર માધાપર પાસે ઈશ્વરિયા મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં મેળો, રાજકોટથી ૬૦ કિમિ દૂર જડેશ્વર મહાદેવ અને ૭૬ કિમિ દૂર ઘેલા સોમનાથ મંદિરે પણ શ્રાવણી મેળાની મજા લૂંટવા માણસો ઉમટી પડે છે. ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ મંદિરે દર વર્ષે યોજાતા મહા શિવરાત્રિનો મેળો, અષાઢી બીજ નિમિતે સંતશ્રી દેવીદાસનું સમાધીસ્થાન પરબધામ (વાવડી-પરબવાવડી)માં મેળો, સુરેન્દ્રનગરથી ૯૫ કિમિ દૂર આવેલા પાંચાળ પંથકમાં તરણેતર ગામ નજીક આવેલા ત્રિનેત્રેશ્વર મંદિર તરણેતરનો મેળો,જામનગરથી ૩૮ કિમિ દૂર ધ્રોલ પાસે શ્રાવણ વદ તેરસ, ચૌદશ અને અમાસનો મેળો જામનગરના ઈતિહાસમાં લડાયેલા યુધ્ધોમાં ભૂચર મોરીનું યુધ્ધ વિશેષ મહત્વ ધરાવે છે,રણુજા ગામે હિન્દવા પીર ગણાતા રામદેવજી મહારાજનું ભવ્ય મંદિર આવેલુ છે. અહીં પણ મોટો લોકમેળો, દ્વારકા પાસેના શિવરાજપુરમાં તથા કલ્યાણપુર તાલુકાના પીંડારા કે જયાં પાંડવોએ ૧૦૮ પિંડ તરાવ્યા હતા. આ બંને સ્થળોએ મલ્લ કુસ્તીમેળો,ભાણવડ પાસેના ઈન્દ્રેશ્વર મંદિર કે જે ત્રણ નદીનું સંગમ સ્થળ છે ત્યાં શ્રાવણી અમાસ પર ત્રિવેણી મેળો, પોરબંદરથી ૬૦ કિમિ દૂર માધવપુર ઘેડમાં દર વર્ષે ચૈત્ર સુદ નોમથી તેરસ સુધી ઘેડનોમેળો, પોરબંદરથી ૨૭ કિમિના અંતરે આવેલા વિસાવડા ગામે દર વર્ષે જન્માષ્ટમી લોકમેળો, જિલ્લાના કુછડી ખાતે આવેલ ખીમેશ્વર શિવ મંદિરમાં શ્રાવણ માસમાં દર સોમવારે મેળો,પાલિતાણાના શેત્રુંજય પર્વત ઉપરફાગણ સુદ પૂનમનો ઢેબરિયો મેળો, ભાવનગર જિલ્લાના તળાજાથી ૨૨ કિમિ દૂર સાગર તટે આવેલા ગોપનાથ મંદિરે ગુજરાતના આદિ કવિ ભકત નરસિંહ મહેતાને પિનાકપાણી શંકરનો સાક્ષાત્કાર થયો હતો ત્યાં શ્રાવણી મેળો, કચ્છમાં હાજીપીરનો મેળો, વાગડ રવેચીનો મેળો, ગરીબદાસજીનો મેળો જાણીતા મેળાઓ છે. આ સિવાય વરૂણદાદા, માયભીભી, દતાત્રેયજી, મેકરણદાદા, અબડા, રૂકનશાપીર, મતિયાપીર, શીતળા માતા, મામાઈ દેવ, જોગણી માયા વગેરે ના મેળા પણ માણવા હૈયે હૈયુ દળાય તેટલા માનવ મહેરામણ ઉમટી પડે છે. રાજકોટમાં ૧૯૮૩માં પહેલા શાસ્ત્રી મેદાનમાં અને હવે રેસકોર્ષ મેદાનમાં વહિવટી તંત્રની લોકમેળા સમિતિ દ્વારા શ્રાવણ માસમાં લોકમેળો યોજાય છે. આ લોક મેળા થકી રાઈડસ(ફઝર ફાળકા), ખાણીપીણી વાળા નાના- મોટા ધંધાર્થીઓને રોજગારી મળી રહે છે. આ લોકમેળાની આવક લોક કલ્યાણના કામો માટે વાપરવામાં આવે છે. સૌરાષ્ટ્રભરમાંથી લાખો લોકો લોકમેળો માણવા ઉમટી પડે છે. મેળા દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. તો રાજકોટથી ૧૦ કિમી દૂર માધાપર પાસે ઈશ્વરિયા મહાદેવ મંદિરે પણ શ્રાવણ માસમાં મેળો ભરાય છે. આ મંદિર પ્રકૃતિ અને ધર્મનું અનેરા સંગમ સમું સ્થાન છે. રાજકોટથી ૬૦ કિમિ દૂર જડેશ્વર મહાદેવ અને ૭૬ કિમિ દૂર ઘેલા સોમનાથ મંદિરે પણ શ્રાવણી મેળાની મજા લૂંટવા માણસો ઉમટી પડે છે. ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ મંદિરે દર વર્ષે યોજાતા મહા શિવરાત્રિનો મેળો જૂનાગઢની આગવી ઓળખ સમો છે. ભજન-ભોજન સાથે મહાશિવરાત્રીની રાત્રે નીકળતી દિગંબર સાધુઓની રવેડીના દર્શનાર્થે લોકોના ધાડેધાડા ઉમટી પડે છે. લોકવાયકા મુજબ આ રવેડીમાં ખુદ ભગવાન ભોળાનાથ પધારે છે. દેશ-વિદેશમાંથી બહોળી સંખ્યામાં લોકો શિવરાત્રીનો લોકમેળો માણવા આવતાં હોય છે. દર વર્ષે કાર્તિક સુદ ૧૧ થી પૂનમ સુધી ગિરનારની ૧૬ ગાઉની પ્રદક્ષિણા યાત્રાનું આયોજન થાય છે. જેમાં શ્રધ્ધાળુઓ હોંશભેર જોડાય છે. જૂનાગઢથી ૪૦ કિમિ દૂર આવેલ ભેંસાણ તાલુકાના પરબધામ (વાવડી-પરબવાવડી)માં રકતપિતના દર્દીઓની સેવા કરી ચૂકેલા સંતશ્રી દેવીદાસનું સમાધીસ્થાન છે. દર વર્ષે અષાઢી બીજ નિમિતે અહીં લોકમેળો ભરાય છે. સુરેન્દ્રનગરથી ૯૫ કિમિ દૂર આવેલા પાંચાળ પંથકમાં તરણેતર ગામ નજીક આવેલા ત્રિનેત્રેશ્વર મંદિર લોકોની આસ્થાનું સ્થાનક છે. દ્રૌપદીનો સ્વયંવર આ જગ્યાએ રચાયો હતો. અર્જૂને પોતાની બાણ વિદ્યાની કુશળતાનો પરિચય આ સ્થળે જ આપ્યો હતો. અને દ્રૌપદીને મેળવી હતી. અહીંના કુંડમાં બ્રહમાજીએ ભગવાન મહાદેવની ઉપાસના કરી હતી. તરણેત્તરના મેળામાં સૌરાષ્ટ્ર પ્રદેશનું લોકજીવન ધબકતું જણાઈ આવે છે. રંગબેરંગી પરંપરાગત પોશાકો પહેરીને મેળો મહાલતા યુવાનોને જોવો, એ અનેરો લ્હાવો છે. આ મેળો આદિવાસી યુવતીઓ માટે 'મનનો માણિગર'ને અને યુવકોને 'મનગમતી માનુની' મેળવી લેવાનો અવસર પૂરો પાડે છે. હાલના બદલાયેલા સંજોગોમાં ગુજરાત સરકારે આ મેળાઓની અગત્ય સ્વીકારી છે. જગ મશહુર મેળામાં કામચલાઉ નિવાસ રૂપે તંબુઓ, રાવટીઓ તથા માટી - છાણની બનાવેલી ઝૂંપડીઓ તૈયાર કરાવે છે. જેમાં જરૂરી સગવડો પણ હોય છે. ગ્રામીણ ઓલિમ્પિક પણ તરણેતરના મેળામાં યોજાય છે. જામનગરમાં બસ સ્ટેશનની પાસેના મેદાનમાં એક માસ સુધી મેળા યોજાય છે. જામનગરના ઈતિહાસમાં લડાયેલા યુધ્ધોમાં ભૂચર મોરીનું યુધ્ધ વિશેષ મહત્વ ધરાવે છે. આ યુધ્ધ કોઈ સત્તા લાલસા માટે નહીં, પરંતુ શરણાગત ધર્મની રક્ષા માટે લડાયુ હતું, જેમાં હાલારના કુંવર સહિત અનેક શૂરવીરોએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી. જામનગરથી ૩૮ કિમિ દૂર ધ્રોલ પાસે શ્રાવણ વદ તેરસ, ચૌદશ અને અમાસનો મેળો ભરાય છે. જામનગરથી ૩૬ કિમિ દૂર આવેલા કાલાવડ પાસે નવા રણુજા ગામે હિન્દવા પીર ગણાતા રામદેવજી મહારાજનું ભવ્ય મંદિર આવેલુ છે. અહીં પણ મોટો લોકમેળો ભરાય છે. દ્વારકા પાસેના શિવરાજપુરમાં તથા કલ્યાણપુર તાલુકાના પીંડારા કે જયાં પાંડવોએ ૧૦૮ પિંડ તરાવ્યા હતા. આ બંને સ્થળોએ મલ્લ કુસ્તી મેળા યોજાય છે. ભાણવડ પાસેના ઈન્દ્રેશ્વર મંદિર કે જે ત્રણ નદીનું સંગમ સ્થળ છે ત્યાં શ્રાવણી અમાસ પર ત્રણ દિવસ મેળો ભરાય છે. પોરબંદરથી ૬૦ કિમિ દૂર માધવપુર ઘેડમાં દર વર્ષે ચૈત્ર સુદ નોમથી તેરસ સુધી મેળો ભરાય છે. આ મેળો શ્રી કૃષ્ણ રૂક્ષ્મણિના લગ્ન સમારંભ નિમિતે યોજાય છે. આ મેળામાં અશ્વ દોટ, ઉંટ દોડ વગેરે સ્પર્ધાઓ યોજાય છે. રાજય સરકાર વર્ષે ૨૦૨૨થી આ મેળાની "આંતરરાષ્ટ્રીય લોકમેળા" તરીકે ઉજવણી કરી રહી છે. પોરબંદરથી ૨૭ કિમિના અંતરે આવેલા વિસાવડા ગામે દર વર્ષે જન્માષ્ટમીના દિવસે મોટો મેળો ભરાય છે. કહેવાય છે કે ભગવાન શ્રી કૃષ્ણે મથુરાથી દ્વારકા જતી વખતે અહીં વિસામો લીધો હતો. એની સ્મૃતિરૂપે મૂળ દ્વારકાના આ મંદિરમાં ભગવાને શ્રી કૃષ્ણની પાદુકા પણ છે. પોરબંદર જિલ્લાના કુછડી ખાતે આવેલ ખીમેશ્વર શિવ મંદિરમાં શ્રાવણ માસમાં દર સોમવારે મેળો ભરાય છે.

કહેવાય છે કે અહીં પાંડવોએ નિવાસ કર્યો હતો. પાલિતાણાના શેત્રુંજય પર્વત ઉપર દુનિયાભરના ભાવિકો આવે છે. અહીં ફાગણ સુદ પૂનમનો ઢેબરિયો મેળો, છ ગાઉ યાત્રા પ્રસંગે ભરાય છે. તો ભાવનગર જિલ્લાના તળાજાથી ૨૨ કિમિ દૂર સાગર તટે આવેલા ગોપનાથ મંદિરે ગુજરાતના આદિ કવિ ભકત નરસિંહ મહેતાને પિનાકપાણી શંકરનો સાક્ષાત્કાર થયો હતો ત્યાં શ્રાવણી મેળો ભરાય છે. રણ ઉત્સવની જેમ કચ્છ તેના મેળાઓ માટે પણ જાણીતું છે. જેમાં હાજીપીરનો મેળો, વાગડ રવેચીનો મેળો, ગરીબદાસજીનો મેળો જાણીતા મેળાઓ છે. આ સિવાય વરૂણદાદા, માયભીભી, દતાત્રેયજી, મેકરણદાદા, અબડા, રૂકનશાપીર, મતિયાપીર, શીતળા માતા, મામાઈ દેવ, જોગણી માયા વગેરે ના મેળા પણ માણવા જેવા હોય છે. કોમી એકતાના પ્રતિક સમો હાજી પીરનો ઉર્ષ ચૈત્ર માસના પ્રથમ સોમવારે દર વર્ષે ઉજવાય છે ત્યારે ભરાતા મેળામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. ભાદરવા સુદ આઠમે ભુજથી ૧૭૫ કિમિ આવેલ રવેચી માતાજી મંદિરે મોટો મેળો ભરાય છે. વાગડના રવેચીના આ લોકમેળામાં ગ્રામજનો પોતાના વાહનો - પશુઓને શણગારીને, રંગબેરંગી ભરતકામ, આભલાકામના વસ્ત્રો પહેરી મેળાની મઝા લૂંટે છે. પાંડવોએ પોતાના વનવાસનું છેલ્લું વર્ષ અહીં વિતાવ્યુ હતું. ભુજથી ૬૪ કિમિના અંતરે આવેલા ધીણોધર ડુંગર ઉપર દાદા ઘોરમનાથે સોપારી પર ઉંધા માથે ૧૨ વર્ષ તપસ્યા કરી હતી. અહીં ફાગણ સુદ ચોથ- પાંચમના પ્રખ્યાત મેળા યોજાય છે. જો કે હવે નાના- મોટા શહેરોમાં ખાનગી મેળાઓ પણ મોટા પ્રમાણમાં યોજાય છે.

# દ્વારકાધીશ જગતમંદિર લાઈટીંગના રોશનથી ઝળહળ્યું

## ઠાકોરજીના જન્મોત્સવની ઉજવણી માટે કૃષ્ણ નગરીએ સજ્યા શણગાર





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

યાત્રાધામ દ્વારકા ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકામાં જન્માષ્ટમીની તૌયારી ઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવા દ્વારકા નગરીએ શણગાર સજ્યા છે. દ્વારકાધીશજી જગતમંદિરે રોશનીના દિવ્ય શણગાર કરાયા છે. તે ઉપરાંત ઈસ્કોનગેટ, રબારીગેટ, સરકારી કચેરીઓ, હોટલો પણ લાઈટીંગથી ઝગમગી ઉઠી છે. યાત્રાધામ દ્વારકામાં અગામી તા.૨૬ના રોજ જન્માષ્ટમી ઉત્સવની ભવ્યથી ભવ્ય ઉજવણી કરવા માટે તૌયારીઓને વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ અપાઈ રહ્યો છે.

જન્માષ્ટમીના તહેવારને અનુલક્ષીને જગતમંદિર અને દ્વારકા શહેર લાઈટીંગની રોશનીથી શણગારવામાં આવ્યું છે. ભગવાન કૃષ્ણની કર્મભૂમિ અને ભારતના ચાર ધામ પૈકીનું એકધામ અને સપ્તપુરીમાનું એક એવી શ્રીકૃષ્ણની દ્વારકા નગરીમાં ભગવાન દ્વારકાધીશજીએ ૧૦૦ વર્ષથી વધુ સમય વિતાવ્યો હતો. જગ વિખ્યાત દ્વારકાધીશજી મંદિરે જન્માષ્ટમીનું અનેરૂ મહત્વ હોવાથી અહિયા જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન લાખો કૃષ્ણ ભક્તો કાળિયા ઠાકોરના દર્શન કરવા માટે આવતા હોય કાયદો અને વ્યસ્થા તેમજ જરૂરીયાતો પુરી પાડવા વહીવટી તંત્રએ કમર કસી છે. દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપક સમિતી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ જગત મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યું છે. ઉપરાંત જગત મંદિર પટાગણમાં આવેલ અન્ય ૧૬ મંદિરો પણ લોઈટીંગ ડેકોરેશનથી શણગારવામાં આવ્યા છે.

# આઈએનએસનું પ્રતિનિધિ મંડળ સુચના અને પ્રસારણ પ્રધાનને મળ્યું

નવી દિલ્હી તા.૨૩

ઈન્ડીયન ન્યુઝ પેપર સોસાયટી(આઈએનએસ)ના અધ્યક્ષ રાકેશ શર્માના નેતૃત્વમાં સોસાયટીના સભ્યોના પ્રતિનિધી મંડળે બુધવારે સુચના અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવની મુલાકાત લીધી હતી. આ બેઠકમાં મીડીયાના કેટલાક મહત્વના વીષયો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૯મી રેટ સ્ટ્રકચર કમિટીની ભલામણો અખબારો પરની પાંચ ટકા કસ્ટમ્સ ડયુટી પાછી ખેંચવી, ડીઝીટલ ન્યુઝ સબસ્ક્રિપ્શન(લવાજમ)પરથી જીએસટી હટાવવો, સીબીસી સાથે એમ્પેનલમેન્ટમાં અંગ્રેજી અખબારોનો ભેદભાવ, ભારતીય અખબારોનો રાષ્ટ્રસંઘની ભાષાઓમાં અનુવાદ, ઈ-પેપર માટે જુદા દર અંગે વિચારણા, ઓડીટેડ સકર્યુલેશન સર્ટીફીકેટ જેમાં કરવાની સમય મર્યાદા વધારવી, પ્રિન્ટ મીડીયા માટે સીબીસી બજેટ રીવીઝન અને સીબીસીના લેણા લેણા વગેરે વીષયોનો સમાવેશ થાય છે. અશ્વિની વૈષ્ણવે પ્રિન્ટ મીડીયાના પ્રતિનિધીમંડળ દ્વારા ઉઠાવવામાં આવેલા દરેક મુદ્દા ધ્યાનથી સાંભળ્યા હતા, નોંધ કરી હતી અને એનો સમયસર નિવેડો લાવવાનું આશ્વાસન આપ્યું હતું. આઈએનએસના પ્રતિનિધિમંડળ દ્વારા ઉપરોકત મુદ્દાઓ સંબંધીત એક વિગતવાર આવેદનપત્ર તેમને સોંપવામાં આવ્યું હતું.

# ઊના તાલુકાના તડ કાજરડી રોડ ઉપર બે બાઈક અથડાતા એકનું મોત

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૩

ઊના તાલુકાના કાજરડી ગામના યોગેશભાઈ રામભાઈ ચારણીયા(ઉ.વ.૨૫) તડ ગામે થી પોતાની મોટર સાયકલ નંબર જીજે-૩૨-એસી-૯૦૫૮ઉપર પોતાના ગામના જીવનભાઈ અરસીભાઈ ચારણીયાને બેસાડી કાજરડી ગામે જતા હતા ત્યારે પેટ્રોલ પંપની આગળ એક મોટર સાયકલ નંબર ડીડી-૦૨-ડી-૨૯૫૦નો ચાલકએ પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવી યોગેશભાઈના મોટર સાયકલ સાથે ભટકાવતા યોગેશ ભાઈ અને પાછળ બેઠેલ જીવનભાઈ અરસીભાઈ રોડ ઉપર પડી ગયા હતા. જેમાં જીવનભાઈને માથાના પાછળના ભાગે અને પગની પીંડીમાં ગંભીર ઈજાઓ થઈ હતી અને યોગેશભાઈને પણ હાથમાં ઈજાઓ પહોંચી હતી. બન્નેને સરકારી હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં તબીબે જીવનભાઈને મૃત જાહેર કર્યા હતા અને નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં મોટર સાયકલ ચાલક સામે અકસ્માત કરી મોટર સાયકલ રેઢી મુકી નાસી ગયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


૧૯૦ વિસાવદર

## -:: જાહેર નોટીસ ::-

૨૦-૮-૨૦૨૪

ભારત સરકારશ્રી દૃવારા તેમજ ગુજરાત સરકારશ્રી દૃવારા બહાર પાડેલ નિયમો/ઠરાવોના અમલીકરણ માટે તેમજ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અને નગરજનોની સ્વાસ્થ્ય અને સુખાકારી જળવાઈ રહે ટે હેતુસર નીચે મુજબની વિગતે વિસાવદર નગરપાલિકા દ્રારા સૂચનો બહાર પાડવામાં આવે છે.

| નં | સૂચનો | સંદર્ભ નિયમો માર્ગદશિકા |
|---|---|---|
| ૧. | નગરપાલિકા વિસ્તારમાં ૫૦ કિલો કરતા વધારે કચરો ઉત્પન્ન કરનારને બલ્ક વેસ્ટ જનરેટર તરીકે ગણાશે અને એ વેસ્ટનો ઓનસાઈડ પ્રોસેસિંગ કરવાનુ રહેશે | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ –(SWM) રૂલ્સ-૨૦૧૬ |
| ૨. | નગરપાલિકા વિસ્તારમાં ઉત્પન્ન થતા C&D ના સંગ્રહ અને પરિવહન અને પ્રક્રિયા અને નિકાલ માટેના વ્યવસ્થાપન નગરપાલિકા દૃવારા કરવામાં આવશે. | મો. નં 7567770279<br>Collection charges RS. 500/- |
| ૩. | નગરપાલિકા વિસ્તારમાં નીચે મુજબની વસ્તુઓના સંગ્રહ,વપરાશ,વેચાણ,અને ઉત્પાદન પ્રતિબંધિત કરવામાં આવે છે. | Amendment PWM Rules Notified by MoEF&CC on Augest 2021(Penalty on use and Littering of SUP items: Spot tine on Waste generators RS.500/- Spot Fine on institutional waste generators RS.5000/- |
| ૪. | Ban on the use,sale and storage of non-biodegradable Plastic bage/plastic products les than 120 mnicrons, in compliance with Plastic waste management Rules 2022 | Plastic waste management Rules 2022 |
| ૫. | નગરપાલિકા દૃવારા Zero Waste Event અંગેની SOP/માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે જેનો ઉપયોગ નગરપાલિકા વિસ્તારમાં રહેનાર,અથવા તેનાથી ૧૦૦-૫૦ દરેક નાગરિક માર્ગદર્શિકાનો ઉપયોગ કરી પબ્લિક વધારે ફંકશનમાં SOP માં દર્શાવ્યા મુજબ ફંકશનને zero waste event તરીકે કરવા સુચન કરવામાં આવે છે. | સ્વચ્છ સર્વેક્ષણ) Nudge indicators) zero waste event ની SOP માર્ગદર્શિકા નગરપાલિકાણા ફેસબુક પેજ ઉપર મુકવામાં આવેલ છે. |
| ૬. | • નગરપાલિકા વિસ્તારમાં સ્થાનિક અથવા અન્ય પ્રાઈવેટ એજન્સીઓ દૃવારા તમામ પ્રકારની ગટર લાઈનની manually સાફ-સફાઈ પર પ્રતિબંધ મુકવામાં આવે છે. ban on manual hazardous entry (without safety gear)]<br>• નગરપાલિકા વિસ્તારમાં સ્થાનિક તથા અન્ય પ્રાઈવેટ એજન્સી દૃવારા ટ્રીટમેન્ટ કર્યા વગરના faecal sludge ને ખુલ્લામાં નિકાલ કરતા વ્યક્તિ/desludging ઓપરેટરને ૧૦,૦૦૦/-રૂ.દંડ કરવામાં આવશે.<br>• ૦૧ જાન્યુઆરી ૨૦૨૧ પછી બાંધવામાં આવેલી તમામ સેપ્ટીક ટેન્ક IS ૨૪૭૦(ભાગો ૧ અને ૨)મુજબ હોવી જોઈએ.<br>• desludging સેવાઓ માટે વપરાશકર્તા માટે નગરપાલિકા દૃવારા શુલ્ક લાગુ કરવામાં આવેલ છે. તેમજ નગરપાલિકા વિસ્તારમાં ગટર સફાઈ અથવા સેપ્ટિકટેન્કની સફાઈ માટે ૧૪૪૨૦ હેલ્પલાઈન નંબર એક્ટીવેટ કરવામાં આવેલ છે. | The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilition Act.2013 સ્વચ્છ સર્વેક્ષણસફાઈ મિત્ર સુરક્ષા- |

માહિતી/જુના/જા.ખ./૩૪૭/૨૪

ચીફ ઓફિસર
વિસાવદર નગરપાલિકા

**નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયા લાલ કી... : સોમવારે કૃષ્ણ જન્મોત્સવ : લોકોમાં ભારે ઉત્સાહ**

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી માટે થનગનાટ : શોભાયાત્રા સહિતનાં આયોજનો

જૂનાગઢ તા.૨૨

પુર્ણ પુરૂષોતમ ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ એટલે કે જન્માષ્ટમી પર્વની ઉત્સાહભેર ઉજવણી માટે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે. શોભાયાત્રા સહિતના આયોજનો કરવામાં આવ્યા છે.

પવિત્ર શ્રાવણનાં મહાપર્વની ભાવભક્તિથી ઉજવણી કરવામાં આવી રહી છે. દેવાધીદેવ ભગવાન ભોળા શંભુને વિશેષ પુજા થઈ રહી છે. સોમવારનાં શિવમંદિરોમાં ભક્તોની સવારથી જ દર્શનાર્થે ભીડ લાગે છે. ભગવાન ભોળા શંભુની ભક્તિ કરવાનાં અનેરા અવસર એવા શ્રાવણ માસમાં અન્ય તહેવારોની પણ વિશેષ ઉજવણી થઈ રહી છે. શ્રાવણ માસનાં મહત્વનાં તહેવારો જેવા કે રક્ષાબંધનની ઉજવણી બાદ બોળચોથ, નાગપંચમી, રાંધણછઠ્ઠ, શીતળા સાતમના પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે અને હવે શ્રાવણ માસનાં સૌથી મોટા તહેવાર એવા જન્માષ્ટમી પર્વની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવનાર છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હરી ૐ યુવક મંડળ દ્વારા જન્માષ્ટમી પર્વ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા યોજાશે. આગામી તા.૨૬-૮-૨૦૨૪ સોમવારનાં રોજ જન્માષ્ટમી પર્વ પ્રસંગે ભગવાન શ્રી રામચંદ્રજીના મંદિરેથી ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય શોભાયાત્રા નીકળશે. સંતો, મહંતો, અગ્રણીઓની ઉપસ્થિતીમાં આ શોભાયાત્રા શહેરનાં વિવિધ રાજમાર્ગો ઉપરથી પસાર થશે. આ શોભાયાત્રામાં વિવિધ સંસ્થા, મંડળો દ્વારા બનાવાયેલા ફલોટસ, રાસમંડળી, ધુન મંડળી જોડાશે. વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ વિશાળ શોભાયાત્રાનાં સમાપન સાથે વેશભૂષા અને આકર્ષક ફલોટનાં વિજેતાઓને ઈનામ વિતરણ સમારોહ યોજાશે. જન્માષ્ટમીનાં પર્વની ઉજવણી પ્રસંગે શહેરનો શણગારવામાં આવેલ છે. વિવિધ મંડળો દ્વારા આકર્ષક ફલોટસ બનાવવામાં આવેલ છે જેનો લોકો દર્શનનો લાભ લઈ રહયા છે. આ ઉપરાંત મંદિરોમાં અનેરી સજાવટ સાથે 'કાના'ના જન્મોત્સવને વધાવવા રાત્રીના બાર વાગ્યે વિશેષ પુજાનાં કાર્યક્રમો યોજવામાં આવનાર છે. ઢોલ નગારા, ઝાલરના રણકાર અને શંખનાદ સાથે કૃષ્ણજન્મોત્સવની ભાવપુર્વક ઉજવણી થશે અને પંજરીનો પ્રસાદ ધરાશે.






જૂનાગઢ શહેરમાં જન્માષ્ટમી પર્વની ઉત્સાહભેર ઉજવણીની જોરશોરથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

જૂનાગઢ શહેર ઉપરાંત જીલ્લાનાં કેશોદ, બીલખા, માણાવદર, મેંદરડા, ભેસાણ, વિસાવદર, માળીયા સહિતનાં વિવિધ તાલુકાઓ અને શહેર તથા ગામોમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી થશે અને નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી નાં નારા ગુંજી ઉઠશે. જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ભગવાન શ્રી કૃષ્ણની ભક્તિનાં રંગે રંગાઈ જશે.

## જૂનાગઢના ગીરીરાજ રોડ પર આવેલ એપાર્ટમેન્ટમાં ચાલતી બે જુગાર કલબ ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરનાં ગીરીરાજ રોડ પર આવેલ સાંઈબાબા એપાર્ટમેન્ટના ચાલતી બે જુગારની કલબ પર બી ડીવીઝન પોલીસે દરોડો પાડી ૧૬ જેટલા પતાપ્રેમીઓને ઝડપી લઈ બી ડીવીઝન પોલીસે મથકે જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે સાંઈબાબા એપાર્ટમેન્ટના બ્લોક નં.૪૦૩માં દરોડો પાડતા મકાન માલીક દિલીપ તારાચંદભાઈ હેમનાણી પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી જુગાર કલબ ચલાવતા ઝડપાઈ ગયેલ.

આ દરોડામાં મકાન માલીક દિલીપ હેમનાણી સહિત મયુર ટેકચંદભાઈ ખીમચંદાણી, પીયુશ વશરામભાઈ ચાવડા, સુનીલ તેકચંદભાઈ ખીમચંદાણી, વીજય લીલારામભાઈ ગંજીયાણી, સુનીલ તારાચંદભાઈ ગંજયાણી, અમર મગનલાલ ગંજીયાણી અને દીનેશ દયાલભાઈ મેઘાણી રોકડ રૂા.૫૦૫૫૦ સહિત ૭ મોબાઈલ, ૩ મોટર સાયકલ મળી કુલ ૧,૯૦,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાતા બી ડીવીઝન પોલીસે જુગારધારા ૪,૫ મુજબ કાર્યવાહી કરી છે. જયારે સાંઈબાબા એપાર્ટમેન્ટના બ્લોક નં.૨૧૦માં નરેશ બલરામ સાવલાણી નાલ ઉઘરાવી બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા ઝડપાયેલ તેમજ આ દરોડામાં કૈલાસ શંકરભાઈ સાવલાણી, લકકી લક્ષ્મણભાઈ સાવલાણી, વીમલ ઉર્ફે વીકી લીલાભાઈ સાવલાણી, હીતેશ બલરામભાઈ સાવલાણી, મુકેશ ઈશ્વરલાલ તવુરમલાણી, રમેશ ધુળામલ સાવલાણી, ગૌતમ લીલારામ સાવલાણી રૂા.૧૨૦૭૦ રોકડ, ૬ મોબાઈલ સહિત કુલ ૬૨૫૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ શહેર-જીલ્લામાં શ્રાવણીયા જુગારની મોસમ ખીલી હોટેલ-એપાર્ટમેન્ટ-સીમ વિસ્તારમાં જુગારના અડ્ડાઓનો ધમધમાટ

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં હાલમાં જાણે શ્રાવણીયા જુગારની મોસમ પુરબહારમાં ખીલી હોય તેવું લાગી રહ્યું છે. હાલના દિવસોમાં પોલીસ દ્વારા જૂનાગઢ શહેર જીલ્લામાં ઠેર-ઠેર જુગારના અડ્ડાઓ પર રેઈડ કરી જુગારીઓને ઝડપી લેવામાં આવે છે. જેમાં ગઈકાલે હોટેલના રૂમમાંથી તેમજ આજે એપાર્ટમેન્ટમાં ચાલતા જુગારની કલબો પર પોલીસે રેઈડ કરી કાર્યવાહી કરી છે. તેટલું જ નહીં કેટલાક ખાનગી ફાર્મહાઉસમાં જુગારના અડ્ડા ધમધમતા હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. આજે જૂનાગઢ શહેર જીલ્લાની વાત કરીએ તો જૂનાગઢ શહેરમાં ગિરીરાજ રોડ સાંઈબાબા એપાર્ટમેન્ટ બ્લોક નં.૪૦૩ અને બ્લોક નં.૨૧૦માંથી જુગારની કલબ ઝડપાઈ છે. જયારે એ-ડીવીઝન વિસ્તારમાં ગોધાવાવાની પાટી વાલ્મીકી વાસમાંથી ૬ જુગારીઓને પોલીસે ઝડપી લીધા છે. જૂનાગઢ તાલુકામાં વડાલ ગામની સીમમાં ડેરવાણ ચોકડી પાસેથી પટેલ રેસ્ટોરન્ટ પાછળ આવેલ મનીષ શાંતીલાલ પટોળીયાની વાડીમાંથી ૭ જુગારીઓને ઝડપી લીધા છે. કેશોદ ખાતે પ્રભાતનગર શેરીમાં જાહેરમાં સ્ટ્રીટલાઈટના અંજવાળે જુગાર રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે. કેશોદમાં જ બાવા સીમરોલી ગામ ખાતે રાજુ દેવશીભાઈ ભલાણીની વાડીમાંથી ૯ જુગારીઓને ઝડપી લીધા છે. માણાવદર ખાતે સરદારગર જીજરી રોડ પરથી પોલીસે સરદાગઢ ગામના ૭ જુગારીઓને ઝડપી લીધા છે. બાંટવામાં બસ સ્ટેશન નજીકથી ૪ જુગારીઓ ઝડપાયા છે. શીલમાં આજક ગામના રસ્તા પરથી ત્રણ જુગારીઓને ઝડપી લીધા છે. માંગરોળ મરીન પોલીસે શારદાગ્રામ કોલોની વિસ્તારમાંથી ૬ જુગારીઓને ઝડપી લીધા છે.

આમ જૂનાગઢ શહેર જીલ્લામાં જુગારની મોસમ પુરબહારમાં ખીલી હોય તેવું લાગી રહ્યું છે. દરરોજ પોલીસ દ્વારા જુગાર કલબો અને જાહેરમાં જુગાર રમતાં જુગારીઓ પર રેઈડ કરીને દરરોજ ૪૦ થી ૫૦ વ્યક્તિઓની જુગારધારાની કલમ ૪-૫ અંતર્ગત ધરપકડ કરી કાર્યવાહી કરવામાં આવે છે.

## વંથલીના બાલોટ ગામેથી જુગારના અખાડા પર પોલીસના દરોડા : ૫ ઝડપાયા, ૧ નાસી ગયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

વંથલી તાલુકાના બાલોટ ગામે જુગાર અખાડા પર વંથલી પોલીસે દરોડા પાડતા ૫ જુગારીઓને ૩૧૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયેલ જયારે ૧ નાસી ગયાની ફરીયાદ વંથલી પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે ગઈકાલે સાંજના સમયે બાલોટ ગામે રહેતા હરેશ કુભાભાઈ સોલંકીના કબ્જા ભોગવટાના મકાનમાં દરોડો પાડતા મકાન માલીક બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર અખાડો ચલાવી જુગાર રમી રમાડતા મકાન માલીક સહિત હરેશ કુભાભાઈ સોલંકી સહિત જુસબ કાસમભાઈ સાંધ, ધનજી પોપટ જંજવાડીયા, સરમણ લાખાભાઈ વાઢીયા, ગોરધન બચુભાઈ ચાવડાને રોકડા રૂા.૧૦૯૭૦, પાંચ મોબાઈલ સહિત કુલ ૩૧૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે દિનેશ સાદુર જંજવાડીયા નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ નજીક જંગલ વિસ્તારમાંથી દાહોદના યુવક-યુવતિના ગળાફાંસો ખાધેલી હાલતમાં કોહવાયેલા મૃતદેહો મળી આવ્યા

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ નજીક આવેલા જંગલ વિસ્તારમાં ગત મોડી સાંજે એક યુવક-યુવતિના જાડ પર ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહો મળી આવ્યા હતા. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢ શહેરથી ૬ કિમી દુર ડુંગરપુર દક્ષિણ રેન્જ ડેડકડી વાડી જંગલ વિસ્તારમાં યુવક-યુવતિના જાડ પર ગળાફાંસો ખાધેલી હાલતમાં અત્યંત કોહવાયેલા મૃતદેહ લટકતા હોવાની પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જેમાં યુવકની ઉમર આશરે ૨૦ થી ૨૫ વર્ષ અને અજાણી યુવતિની ઉમર ૧૫ થી ૨૦ વર્ષ હોવાનું પોલીસે જણાવ્યું છે. આ અંગે ભવનાથ વધુ તપાસ કરી રહી છે. પોલીસ તપાસમાં બન્ને મૃતક યુવક-યુવતિ દાહોદ જીલ્લાના ફતેહપુરા ગામના હોવાનું અને ઘણા દિવસોથી ગુમ હોવાનું બહાર આવ્યું છે. પોલીસે બન્નેના પરિવારને જાણ કરી મૃતદેહનો ફોરેન્સીક પી.એમ. માટે જામનગર મોકલી આપેલ છે. આ અંગે પોલીસે આપેલી વિગત મુજબ ગત સાંજે ૬ કલાકના અરસામાં જૂનાગઢના ધરાનગર પાસેના ગેઈટથી અંદર જતા ઘનઘોર જંગલ વિસ્તારમાં ઝાડ ઉપર બે મૃતદેહ ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતા હોવાની વન વિભાગ દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા ભવનાથ પીએસઆઈ ડામોર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃતકોમાં એક યુવક અને એક તરૂણી હતા, જેમાં યુવકની લાશ ઝાડ ઉપર લટકતી હતી, જયારે યુવતીનો મૃતદેહ મૃત્યુ પછી નીચે જમીન ઉપર પડી ગયેલ હોય તેવી સ્થિતિમાં હતો.

બંનેના ગળે ચુંદડી બાંધેલી હતી, અને ચુંદડી વડે ગળેફાંસો ખાધો હોય તેવું પ્રાથમિક નજરે જોવા મળી રહ્યું હતું, પરંતુ બંનેના મોત ઘણા દિવસો પહેલા થયેલા હોવાથી કોહવાયેલી હાલતમાં મળી આવ્યા હતા, પોલીસે બન્ને લાશને ફોરેન્સિ પોસ્ટમોર્ટમ માટે એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ ખસેડી હતી, અને સ્થળ પરથી મળી આવેલ એક બેગમાંથી યુવતીનું આધારકાર્ડ મળી આવતા તેમાં યુવતીનું નામ જાગૃતિ મહેશ પાર્ગી ઉ.૧૯ હોવાનું જાણવા મળ્યું હતું.

જેના આધારે પોલીસે તરૂણીના પિતા સાથે ટેલીફોનીક વાતચીત કરતા જાણવા મળ્યું કે, તરૂણી દાહોદના ફતેપુરા ગામની હોવાનું અને યુવક તેના નજીકના ગામનો હોવાનું તેમજ બંને છેલ્લા ઘણા દિવસોથી ગુમ હતા, ત્યાં આજે બંનેના મૃતદેહ કોહવાયેલી હાલતમાં જૂનાગઢ નજીક જંગલમાંથી મળી આવ્યા હતા, પોલીસે આ બનાવને લઈને વધુ તપાસ માટે બંને મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે જામનગર મોકલી આપેલ છે.

## જૂનાગઢમાં વ્યાજખોરોનો આતંક : કારના કાચ તોડી મારી નાંખવાની ધમકી આપ્યાની ૪ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ શહેરના દોલતપરા વિસ્તારમાં આધેડે પૈસાની જરૂરીયાત ઉભી થતા અલગ અલગ ત્રણ વ્યક્તિઓ પાસે ૧૦ ટકા લેખે રૂપિયા વ્યાજે લીધેલ જેમાંથી બે વ્યકિતઓને રૂપિયા ચુકવી દીધા બાદ એક વ્યકિતના રૂપિયા આપવાની બાકી હોય જેનું વધુ વ્યાજ પડાવવા પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી મોડીરાત્રે ઘરે આવી ધમકી આપી કારના કાચ તોડી નાંખ્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે કાનાભાઈ નાથાભાઈ બોરખતરીયાએ ભરતભાઈ ઓડેદરા, અરશીભાઈ કરમુર, હારૂનભાઈ ગામેતી અને એક અજાણ્યા શખ્સ વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ આરોપી ભરતભાઈ ઓડેદરા અને અરશીભાઈ કરમુર પાસેથી વ્યાજ લીધેલ રૂપિયા પરત આપી દીધેલ હોય તેમજ આરોપી હારૂનભાઈ ગામેતીને રૂપિયા આપવાની બાકી હોય જેથી આરોપીઓએ ફરીયાદી પાસે વધુ વ્યાજ પડાવવા બાબતે ફરીયાદી તથા તેમના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી વધુ વ્યાજના રૂપિયા બળજબરીપુર્વક પડાવી લીધેલ બાદમાં બેક દિવસ અગાઉ રાત્રીના સમયે આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી ગાળાગાળી કરી સ્કોર્પીયો કારના કાચ તોડી નાંખી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ બી.બી.કોળીએ હાથ ધરી છે.

## માંગરોળના ખોડાદા ગામે ઈલેકટ્રીક શોક લાગતા બાળકીનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

માંગરોળ તાલુકાના ખોડાદા ગામે રહેતા પરિવારની બાળકીને ટેબલ ફેનના પ્લગમાં આંગળી જતા ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું માંગરોળ પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ થાણે સંજયભાઈ રાજશીભાઈ મકવાણાએ જાહેર કરેલ કે પોતાની પાંચ વર્ષની મૃતક પુત્રી હેતાંશીબેન રમતા રમતા ટેબલ ફેનના પ્લગમાં આંગળી જતા ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

• હરક્યુલિસ સાયકલ
• કોરાડો સાયકલ
• હીરો સાયકલ
• બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ
• ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ
• દાસ સાયકલ
• હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફ્રેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

## જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા ૧૦૦૦ કુટુંબોને સાતમ-આઠમ નિમિત્તે રાશન સાથે મીઠાઈ-ફરસાણનું વિતરણ કરાયું

જૂનાગઢ તા.૨૪

એક તરફ મોંઘવારી વધી રહી છે તો બીજી તરફ સંવેદનાઓમાં ભારોભાર ઓટ આવી છે. કોઈ કોઈનું ભાવ પૂછવા વાળુ નથી. આવા સમયે જરૂરિયાતમંદ ગરિબ વર્ગનો ભાવ કોણ પૂછે છે ? જરૂરિયાત સમયે સગા સંબંધીઓ પણ મોઢુ ફેરવી લેતા હોય છે. ત્યારે ખાસ કરીને વિધવા, ત્યકતા, અને આર્થિક રીતે જરૂરિયાતમંદ ગરિબ પરિવારોની હાલત ખૂબ જ કફોડી થતી હોય છે.

આ કારમી મોંઘવારીમાં ઘણા ઘરે સાતમ આઠમના તહેવારો મા ગરીબ પરિવાર ના ઘરમાં ચૂલા પણ પ્રગટતા નહીં હોય. ત્યારે આવા સમયે હર્ષ અને ઉલ્લાસ સાથે આ પરિવારો પણ ઉજવણી કરી શકે તે માટે સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૧૦૦૦ કુટુંબોને મોહનથાળ, સોનપાપડી, ગાંઠિયા, ચવાણું, ચા, ખાંડ, લોટ, ખીચડી, તેલ, ફરાળી ચેવડો, શક્કરપારા, સેવ મમરા, બિસ્કીટ, સેવ- બુંદી, વિગેરે કુલ ૨૨ જેટલી વસ્તુઓની કીટ બનાવી ને જુનાગઢ તેમજ આસપાસના ગામડાઓમાં તથા શહેરની ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગરીબ પરિવારો આ અવસર નો લાભ લઈ શકે અને તહેવારનો આનંદ લઈ શકે તે હેતુથી જૂનાગઢના સામાજિક કાર્યકર મનસુખભાઈ વાજા ના માર્ગદર્શન હેઠળ સત્યમ સેવા યુવક મંડળ, ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ, નિર્મળ વ્રજ ફાઉન્ડેશન, લેઉવા પટેલ મહિલા મંડળ સાથે ગિરીશભાઈ કોટેચા, સાથે પાર્થભાઈ કોટેચા, દિપલભાઈ રુપારેલીયા, મનીષભાઈ લોઢીયા, પ્રવિણાબેન ચોક્સી, વિજ્યાબેન લોઢીયા, પુષ્પાબેન પરમાર, અભયભાઈ ચોક્સી, દયાબેન માણેક, રમણીકભાઈ રાણીંગા, વજુભાઈ ધકાણ, બટુકબાપુ, રણછોડભાઈ ગોડફાડ, નાગભાઈ વાળા, અમુભાઈ પાનસુરીયા, ડો. ભરતભાઈ ઝાલાવડીયા, ડો. પ્રતીક્ષાબેન, ડો. રાબડીયા, ગાંડુભાઈ ઠેસીયા, નરસિંહભાઈ વાઘેલા, કિરીટભાઈ ગંગદેવ, લલીતભાઈ દોશી, કિરીટભાઈ રાણીંગા, નંદાભાઈ પરસાણા, હરસુખભાઈ વઘાસિયા, અશોકભાઈ મંગનાણી વિગેરે મહાનુભાવો અને દાતાશ્રીઓ ના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

જુનાગઢ, વડાલ, સુખપુર, બામણગામ, ચોકી-સોરઠ, ભિયાડ, કેરાળા વિગેરે ગામના આગેવાનો દ્વારા જે તે ગામના પસંદ કરેલા આર્થિક રીતે નબળા પરિવારો ની અગાઉ થી યાદી જેની કરેલ તેને બોલાવવામાં આવેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાંતાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, અરવિંદભાઈ મારડિયા, મુકેશગીરી મેઘનાથી, કે એસ પરમાર, કમલેશભાઈ પંડ્યા, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, મુળુભાઈ જોગલ, તેમજ અંધ દીકરીઓ દ્વારા આ કીટનું પેકિંગ કરીને દરેક સેવાભાવીઓએ યથાયોગ્ય પોતાનો કિંમતી સમય આપી આ સેવા યજ્ઞ ને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.